# Recitation of Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*d*o over a period of 40-days

(Gujrati Version)

Sequential listing of verses to be recited every day before evening prayers

(This page is intentionally left blank

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 1

આશાજી જુગપતિ જુગનાથ શ્રી એસ્લામશાહ, હુમ મન તેરે
ઉમાયોજી.
કાયમ સ્વામી હુન્સાજીના રાજા, જંબુદ્વીપમેં શાહ આવે....
હરી અનંત અનંત હરી અનંતેજો સ્વામી શાહ, અનંતેજો અંત
તુંહી જાણેજી.

એકને મારે શાહ એકને તારે, એકને હરી વર આલે....હરી. (૧)
આશાજી ત્રિભોવર સ્વામી શાહ તમે વર દાતા,
સેવા તમારી હુમ લીઅણાજી.
સર્વે જીવ તમારી સેવાએ લાગા, તમે છો મધસુધન દેવ. હરી. (૨)

આશાજી ભણે ગુર હરીચંદ્ર એહીજ વિનંતી, સર્વે સુણો વધાઇયુંજી;
અમને વર દીયો તમે કાયમ સ્વામી, માહાવર રાજા મેડેઓ દિદાર.
હરી. (૩)

આશાજી પુંઠો ત્રિભોવર કાયેમ સ્વામી, વિનંતી સુણો રાએજનજી;
પાછમે પુરખ અલખ લખાયા, સોહી અલખ અનંત પરિયાણુ...
હરી. (૪)

આશાજી ચડલા સુરજ તે કેમ છીપે, એમહી વિચારો લોકાજી;
જીવ પીંડ જેણે ત્રિલોક સીરજ્યા, સો કેમ દુજા હોવે. હરી. (૫)

આશાજી અમે સુજાતા તમે વર સ્વામી, સેવા તમારી હુમ લીઅણાજી;
વિનવું વિનવું બહુરૂપે વિનવું, હુમ તેરે નામ પતીઅણા. હરી. (૬)

**Day 1 (continued)**

આશાજી, ખણમાંહે સેસ્ટી સીરજી ઉપાવો, અને ખણમાંહે દુર ચુકાવોજી;
તારો અંત ન જાણે કોઈ. કરે કિરતાર સો હોઇ. હરી० (૭)

આશાજી, સેતરદીપ એરાક ખંડમાંહે, ઘરસર વધાયુ અલી અવતરીયાજી;
અલીકો નામ નિરંજન ભણીયે, શ્રી ઇસ્લામશાહ જુગ પરવરીયા. હરી. (૮)

આશાજી, અનંત પરવ શાહ પેલા થાપીયા, નવે પરવે શાહ આયાજી;
કલમાંહે કાયમ, કાલિંગો સંગારસે રખીયે શાહપીરે મુખ પાયા. હરી. (૯)

આશાજી, કપુરમાંહે રહી વસવા વર દેશે, વસવ તમને મલશેજી;
દેવ દાણવના તીસ દીન નીવેડા થાશે, કમાઇ કમાઇ ફલ લેશે. હરી. (૧૦)

આશાજી, અનંત વરનું શાહ છત્ર ઓઢાએસે, પવન વેગે સીર તાણેજી;
ઝુલફિકાર ખણગ લઇ દુલદુલ ચડશે, અલખ દેવ રહેમાન. હરી. (૧૧)

આશાજી, એક લાખને ચોવીસ હજાર સાહેબ પેગામ્બર થીયાજી;
સિંતેર સોહસો હુસેની ચડશે, એમ શાહ અસુરને કપે. હરી० (૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 2

આશાજી, તેત્રીસ કરોડ દેવગુર બીરમાજીકે સાથે, તે હર હર
કરીને ધર્મ ધીયાયાજી;
પાંચ લાખસું ઇશ્વર ગોરખ ભણીએ, તે સીંઘણીએ નાદ પુરાવે.
હરી૦ (૧૩)

આશાજી, ઇશ્વર ભરમા મહેસર ભણીએ, પીર પેગામ્બર સરવે આવેજી;
અનંત કરોડી દેવ સુરનર મલસે, જાહેર ચડશે શાહ રથ. હરી૦ (૧૪)

આશાજી, અજકલ વારે બાર કરોડ, તે સતગુર સોહદેવ સાથેજી;
જો જાણે તો મેલા મેલાવો, તો ગ્નાન વીચારીને ચાલોજી
હરી૦ (૧૫)

આશાજી, ધરમ પુત્ર સાથે નવ કરોડ તે સામીજીને દુવારે આવેજી;
અરજણ લાખ છત્રીસે મળશે, ચાલીસ લાખે ભીમ જાણોજી.
હરી૦ (૧૬)

આશાજી ચઉદ લાખસું સોહદેવ મળશે, નકુળ તે પાંત્રીસ લાખેજી;
સુરાનર ત્યાં મેલા માંહે મળશે, કિરતાર ભરણુ ભરેશે. હરી. (૧૭)
આશાજી નવાણું કરોડ ત્યાં જખાજ મળશે, છપન કરોડ ત્યાં મેઘાજી;
માહદીન શાહ મેલા મિલાવશે, જાગે કિનર કરોડ બત્રીસ. હરી. (૧૮)

આશાજી એક લાખ ને અઢાર કરોડ, તે નરવર હર સંઘારેજી;
એંસી લાખ ગજાગેમર ગુણસે, એમ શાહ પરવ સવારે. હરી૦ (૧૯)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 2 (Continued)

આશાજી, એંશી કરોડ ઉંઠ સમર ચાલશે, ચતુર લાખ ચારાધારીજી;
સપ્ત લાખ નીસાન ઝુલેશે, બોલીયા બોલ શાહ પારે. હરી૦ (૨૦)

આશાજી, ચોસઠ લાખ દલ દેવીના મળશે, અઉઠ કરોડ જીનભુતજી;
રૂએ રૂએ ભાખેઆ, ગણ મણ પડશે, શાહ નવી નવી શેસ્ટી રચાયે.
હરી૦ (૨૧)

આશાજી, રવ છાયા રવ સુરજ છપશે, ઓછા નીર નદીયેજી;
હંસાજીના રાજા, કરો પીઆણા; નવસો છમછર અદકા ગયા.
હરી૦ (૨૨)

આશાજી, નાગ લોકનું સેન વખાણું, બાણું કરોડ પરસાગાજી;
તારો અંત ન જાણે કોઈ, આગમ નિરંજન સાચા. હરી૦ (૨૩)

આશાજી, રગતા પેચા, કરસના, સેતા, ચો વરણા જુગ હુઆજી;
અવર રંગ તેરા બહુ છાજે, ઈસમેંથી ચાર સુજાતા. હરી૦ (૨૪)

આશાજી, કલજુગમાંહે બહુ પાખંડ વાપીયા, તીસમાંએ હોયસે નિવેડાજી;
કલમાંહે કાયમ કાલીંગો સંઘારશે, તીસ સીર એહી અખાડા.
હરી૦ (૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Day 3

આશાજી, કલજુગમાંહે બહુ પાખંડ વાપિયા, સતી કોઈ વિરલા હોસેજી;
કાલીંગો દાણવ તપ કરી આવ્યા, તે કરોધ મુખે ખોઈ જાયે.
હરી૦ (૨૬)

આશાજી, કલજુગમાંહે અઘોર પાપ વરત્યા, તીસમાંહે આપકું રાખોજી:
જો જાણો નવસા ભેટું, તો ગીનાન વિચારીને ચાલો. હરી૦ (૨૭)

આશાજી, તંબલ ધધામાં ભેરીયું વાજે, વાજે તે વાજીંત્ર ઘણેરાજી;
સરગ મરત પઈયારજ કંપે સરવણે પડશે આવાજ. હરી૦ (૨૮)

આશાજી, ખડગ કુદરતી અપુરવ છાજે, નર કાસમશાહ વાએજી;
પાંચ નદી રણ ખેત્ર મુલસતાન રચેસે, ત્યાં દંતિ કાલીંગાને ઘાઅંસે.
હરી૦ (૨૯)

આશાજી. ધરમજુગ કીરતાર રચેસે, અને પાપને દુર ચુકાવેજી;
અમે દીદારી કેશવ કેરા, દુઆરે શાહ સદાયા. હરી૦ (૩૦)

આશાજી, મુલસ ચોક શાહ તખતેજ બેસસે, રામરાજ ત્યાં દેશેજી,
વીશનવ રૂપે વીશવાસર દેશે, ઈમામ રૂપે ફલ દેશે. હરી૦ (૩૧)

આશાજી, જયાં જેમ માંગો ત્યાં તેમ વરસે, સતગુર ઘેર આનંદજી:
ઘેર રખીસરને વધામણા હોયસે, ત્રુઠો ગોપીવર ગોવિન્દ. હરી. (૩૨)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 3 (Continued)

આશાજી, પરવ સંપુરણ, નારાયણ થાપેયા, અજ સો મહાદીન આયાજી;
જેણે સુજાતા તેણે વર પાયા, અંવલે જનમ હરાયા. હરી. (૩૩)

આશાજી, દસમેં પાત્ર નકલંકી નારાયણ, મહાવર હુર પરણશેજી;
સતગુર સહેદેવ જેણે જીવે જાણીયા, તે જીવ લખીયા વયકુંઠ વાસ
હરી૦ (૩૪)

આશાજી, સવાલાખ કલજુગમાંહે ભોગવે, પછી અમરાપુરી પહોંચેજી;
અમર માનીયા તે અમરાપુરી પહોતા, તે દીદારી શાહના સદાય.
હરી૦ (૩૫)

આશાજી, પરવ સંપુરણ નારાયણે થાપીયા, પીર હસનશાહ તતવ
વીચારીયાજી:
જેણે સુજાતા તેણે વર પાયા, ભેટીયા તતવ દીદાર. હરી૦ (૩૬)

આશાજી, બાર કરોડના ભરણ ભરાવીયા, સોહી ગુર તમ ઘેર આયાજી;
મનમાંહે કછુક મોટાઈ આણી તો આણી લે ઢાની ભાંત. હરી૦ (૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akh*ā*do over 40 days

### Day 4

આશાજી, હમે ગુનેહગાર બંદાબી તેરા, તમે છો બક્ષણહારજી:
સરવે જીવ તમારી સેવાયે લાગા, તમે છો નર અવતાર. હરી૦ (૩૮)

આશાજી છ માસ છ દીન પુરા થયા, તબ તમે મહેરજ લાઇજી:
નવ છુગાની પાઘ બનાઈ તે સીર લખીયા નામ ઇલાહી. હરી. (૩૯)

આશાજી, લીલા આકડા અમેજ દોયા અને નીલી ગેસ બનાઇજી:
તીસમાંહેથી રૂ નીકાલી, તીસકી પાઘ બનાઇ. હરી૦ (૪૦)

આશાજી, ત્રકલી ઉપર સુત્રજ કાંતીયા, અને દીન હુવા રહેમાનજી:
અરજ બંદગી ઉસમાંહે કીધી, સોહી તમે હૃદયમાંહે આણો.
હરી૦ (૪૧)

આશાજી, ઉંચ મુલકથી પીયાણા કીધા, બએઠ રયા ઉસ ઠામજી:
નજર મહેરકી જબ હુઇ, હુઇ સો આપોહી આપ. હરી૦ (૪૨)

આશાજી, સીરબંધ લઇને, જ્યારે આપવા ચાલ્યા, કીયા સો
આપોહી આપજી:
સીરબંધ લઇ જબ કહેકમાંહે પોતા. તબ ભેટીયા દીન રહેમાન.
હરી૦ (૪૩)

આશાજી, છ માસ છ દીન પુરા હુઆ. તબ લોઢાની ભીંત ટલાઇજી;
પીર સદરદીન સામા જઇ ઉભા, હુવા સો સન્મુખ આપ. હરી૦ (૪૪)

# Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 4 (continued)

આશાજી, શ્રી એસ્લામશાહ તખતજ બેઠા, તારે દીન હુઆ રહેમાનજી;
સીરબંધ લઇ ગુરને મુસ્તક દીધા, તારે સીર નાગા કરી નરજી બેઠા
હરી૦ (૪૫)

આશાજી, સીરબંધ લઇને કાઢીયો છેડો અને દીયા તે હાથોહી હાથજી;
છેડો લઈ જ્યારે હાથમાંહી દીધો, તારે અનંતકો હુઓ પરીયાણ.
હરી૦ (૪૬)

આશાજી, તખતે બેઠા સીરબંધ બાંધી, તારે દેવ મલીયા અપારજી;
પીર સદરદીન સામા જઇ બેઠા, બેઠા કરે સુકરાના. હરી૦ (૪૭)

આશાજી નવ છુગાની પાગજ બાંધી, સીરબંધ બાંધીયો સુલતાનજી;
પાંચસો ગજ નવ છુગાજ હુઆ, હુઆ સે પુરા પરીયાણ. હરી૦ (૪૮)

આશાજી, ગુર ભરમાણ ઉડી કરી આવીયા, આવ્યા તે ગુર હસન
શાહકે પાસજી.
ધન ધન કરણી ગુરજી તમારી, ધન સો રખીસરે જાણીયો.
હરી૦ (૪૯)

આશાજી, સીરબંધ બાંધી સુજદેમે આયા, તારે દીન હુવા રહેમાનજી;
અણુન કરોડનું ભારજ મોટો, તે હમથી ઉઠાયો નવ જાય.
હરી૦ (૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 5

આશાજી, સરગ મરત પઈયારજ સર્વે, સીરબંધ હુવા સીર ભારીજી:
કીડી મંકોડી સરવે કુન્છ આવીયા, તારે ભાર હુવા સીર ભારી.
હરી૦ (૫૧)

આશાજી, તેરે અંતકો અંત તુંહીજ જાણે, હમથી ભાર ઉઠાયો
નવ જાયજી;
તમકુ હમકુ જે જીવ જાણે. તે સરવે અનંત લખાયે. હરી. (૫૨)

આશાજી, અરજ વિનતી અમ તણી સાંભળો, કરીયે યે ફરયાદજી:
અમે ગુનેહગાર બંદા તેરા તમે છો દીન દયાળ. હરી૦ (૫૩)

આશાજી, ચાર જુગના જીવડા મલીયા અને મલીયા છે બહુ ગુનેહગારજી
છેલો અખાડો કલજુગમાંહે, સોહી પાપ હમથી ઉઠાયો નવ જાયજી.
હરી૦ (૫૪)

આશાજી, કલજુગમાંહે અઘોર પાપજ વરતીયા, કુડેકુડ લીખાયાજી;
સતકો મારગ કોઇ નવ જાણે, સંરવેઈ અસત કહેવાયે. હરી. (૫૫)

આશાજી હમકું તમકું જે જીવ જાણે, અને પીરશાહ જાપ જપશેજી;
સોહી જીવ અણુતમાંહે લીખાયા, અવર સો મુરખે જનમ ગમાયા.
હરી૦ (૫૬)

આશાજી, પાંચ સાત નવ બારજ છુટા, અણુત રહયો ત્યાં ડાહ્યોજી;
સીરબંધ બાંધી અણુત ઉઠાયા, સો ભાર હમથી ઉઠાયો
નવ જાયે. હરી૦ (૫૭)

**Day 5 (continued)**

આશાજી કેતા કલપ ને કેતા જુગ તીસં માંહે ગુર તુંહી હુઆજી;
અણુતનો ગુર તે તમને જાણું, સોહી આજ તમને પિછાણું.
હરી૦ (૫૮)

આશાજી હસન આલ હુસેની આયા, સોહી હસનશાહ જાણોજી:
પીર હસન કબીરદીન નામ પિછાણો, આલ ઇમામ પરિવાર.
હરી૦ (૫૯)

આશાજી, દઇ આશિષ કરી મહેરબાની, પીર સદરદીન ચાલ્યાજી;
સરગ ભમણમાંહે વાસા કીના, તો બાર કરોડ જીવ સાથે.
હરી૦ (૬૦)

આશાજી, શ્રી ઇસ્લામશાહ મહેરજ કીધી, હાર્થાણું દઇને ઉગાર્યાજી:
અમને તમને જે જીવ જાણે, સોહી જીવ અમ ઘેર આવે.
હરી૦ (૬૧)

આશાજી કોલ કરાર ગુરજીસું કીધા, અને કીધા તે હાથોહ હાથ:
યાં થકી ગુરજી આપ સધાર્યા, આવ્યા તે નરને પાસ. હરી૦ (૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 6**

આશાજી, પાપ અમારા ઉતારો સામી, અમે છીએ ગુન્હેગારજી:
દરસન તમારા જબહી મેં દેખ્યા, તારે છુટા સર્વે જંજાલ.
હરી૦ (૬૩)

આશાજી કલજુગમાંહે પાત્ર નકલંકી આવે, આવે તે ગઢ મુલસ્તાનજી;
પાંચ નદી ગઢ હેઠજ હોશે, ત્યાં તે દઇતને ઘાયસે. હરી૦ (૬૪)

આશાજી રખીસરને ઘેર વધામણા હોયશે, હોયશે જંપુદ્વીપ માંહેજી;
સાબરમતી નદી પુર જ વહેશે, અને વહેશે તે લોહીની ધાર.
હરી૦ (૬૫)

આશાજી, અનેક કટક નદીએ મીલશે, મીલશે તે બહુ અપારજી;
રખી મુનીવર સરવે મીલશે, અને મીલશે તે જંપુદ્વીપમાંહે.
હરી૦ (૬૬)

આશાજી, પાખંડી જીવતો અનંત મીલસે, મીલસે તે દઇતની જોડજી;
કોઇ કેને ઓળખી ન જાણે, કરશે સેવા સાર. હરી૦ (૬૭)

આશાજી વિખંડી વેળા ને કઠણ પોહોરો, તીસમાંહે તમે આયાજી;
જંપુદ્વીપમાંહે પાંચજ ગાડો, તો મહેર કરે મોરો સાંઇયા.
હરી૦ (૬૮)

આશાજી, ધરમ મેલી જો અધરમે ચાલે, ને મનમાંહે નવ ચેતેજી,
વેદ શાસ્ત્ર સાંભળી ન ચાલે, ચાલે તે કુડે કામ. હરી૦ (૬૯)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 6 (continued)

આશાજી, મુનીવર થઇ ધર્મસરા નહીં આવે, અને ગતમાંહે
હાલ ન ગુજારેજી;
હાથ પગ તેના વાઢી નાંખશે, તે ઓહુત કરશે પુકાર. હરી૦ (૭૦)

આશાજી, નવ પરબત નવ ટુંકે ઉડાડશે, ત્યાં દઇતજ બેઠાજી;
ચીણબ નગરીનું ઠામજ જાણો, મેર પરબત તેનું નામ. હરી. (૭૧)

આશાજી, ચીણબ નગરી ફીટી જાશે, ચોસઠ દઇતની જોડજી;
કાંલીંગો દાણવ વાટજ લુંટશે, રખીસરના મન ફેરાવે. હરી૦ (૭૨)

આશાજી દઇંત દાનવ કરીને લુંટશે, એસા વેદ ચલાવેજી;
આપે અલાહ આપ ફીલાવે, તારે રખીસરના મન ફેરાવે. હરી. (૭૩)

આશાજી, સતીઆના સત શ્રી એસ્લામશાહ રાખે, શ્રેવો સોહી નરજી,
એણે ઠામે જે નર બેસે, તેને ધીઆવો ગતીઉ લોકાં. હરી૦ (૭૪)

આશાજી, જંબુદ્વીપે શાહ તખત રચાવે, નુર નબી ત્યાં આવેજી;
સેતર દ્વીપ એરાકખંડ માંહે, કરશે નર વધામણુંજી. હરી૦ (૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 7

આશાજી, નવે અવતારે શાહ નવ દાણવ માર્યા, નર અવતાર ઇલાહીજી;
દસમો અવતાર અલીજીનો જાણો, દાણવને સોડી નર મારે.
હરી૦ (૭૬)

આશાજી, અલી રૂપે શાહ રાજ રચાવે, આરબી રૂપે અલી બેસેજી;
સાચ જુઠના નિવેડા કરશે, કરશે તે જંબુદ્વીપમાંહે. હરી૦ (૭૭)

આશાજી રમત ખેલ સંપુર્ણ કીધા, કીધા તે નવે અવતારેજી,
દસમે કાયમ કાલીંગો સંહારશે, રખીસરને રાજ કરાવે.
હરી૦ (૭૮)

આશાજી સવા લાખ વરસ રખીસર રાજ કરશે, પછી મહાદન મંડાવેજી;
ખરા ખોટાના પારખાં થાશે, થાશે તે એણું કામ. હરી૦ (૭૯)

આશાજી હીરા ખીણા રાજમાંહે આવે, તે પીર હસન
કબીરદીન સાથેજી,
સવા લાખ વરસ રખોસર રાજ કરશે, પછી તે કોઇ નહીં આવે-
હરી...૮૦

આશાજી રતન જુગ સરવે વરતીને ચાલશે, પછી મહાદનનો દિન થાશેજી,
તીસ વેળામાંહે કોઈ નહી તારે, ધરમ ઉતારે પાર-હરી. ...૮૧

આશાજી દીઓ દશોંદ ને અલીને સેવો, તો મન કરીયો વધાઇયું જી,
તો મહાદન તમને દોયલો ન લાગે, બેસો શાહપીરને પાસ-
હરી૦..૮૨

**Day 7 (continued)**

આશાજી અમે સુઝાતા અમે વર પાયા, રખીસરોને ભેદ બતાયાજી,
સાંભળો રખીસરો તમે વેદ વિચારો, ચાલો તે સત ધરમે-
હરી. ...૮૩

આશાજી સતપંથ સોળ કળાસું જાણો, ઉગ્યો તે સુરજ કહેવાયજી,
કુડા વાદળા જયારે આડા આવે, ત્યારે રહેશે સુરજ ઢંકાઈ-
હરી૦ ...૮૪

આશાજી સતપંથ સાચો ને રખીસર ખોટા, અને હોશે તે
ખોટાને ખોટજી,
ઉસથી સુરજ છુપી કરી ચાલે, તે અંધલે જનમ ગમાયા-હરી૦ .૮૫

આશાજી જનમ ખોટા તે જીવ કહીએ, જે ગીનાન વિચારી
નહી ચાલેજી,
તે જીવ માનખા જનમજ હોશે, પણ હોશે તે ઢોર પરમાણુ-
હરી૦..૮૬

આશાજી ગુરનર ભાંખી ગીનાન સુણાયા, દીયા તે રખીસરને હાથજી,
રખીસર તે જે ગીનાનજ જાણે, તે બેસે શાહ પીરકે પાસ-
હરી૦...૮૭

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 8

આશાજી ઉઠ કરોડ રોમ રાય કહીએ, કહીએ તે શાહની વાડીજી,
રોમે રોમે સાહેબજી રહેશે, કરે બંદાની સાર – હરી...૮૮

આશાજી નવ નાડ બંદાની જાણો, તે પણ શાહજીને હાથજી,
એક નાડ જો બંધજ રહેશે, તો કબી ન હોવે સાર–હરી...૮૯

આશાજી કાયા વાડી મોરે શાહજીએ કીધી, અને કીધી તે
આપોહી આપજી,
અમને તમને મૌલા અલીએ સીરજ્યા, તે માંહે દુજા કોઈ નવ જાણે–
હરી૦...૯૦

આશાજી ચઉદ લોકથી ચાલી આવ્યા, આવ્યા તે ઇ અલી અવતારજી,
ઇ અલી મેલીને દુજાને ધીઆવે, તે જીવ નરગે જાશે- હરી૦...૯૧

આશાજી આલ ઈમામ અલીજી આવ્યા, સોહી આંજ
કલજુગમાંહે બેઠાજી,
અવતારે અવતારે આલ લખાણી, સો કેમ દુજા હોય–હરી૦..૯૨

આશાજી કલજુગમાંહે જે ખોટા થાશે, તે દઇંત દાણવ કેરી જોડજી,
અલીને આલે જે કોઈ હોશે, તે સોલ કલાસુ જાણો– હરી૦ .૯૩

આશાજી કલજુગમાંહે અલી પરતક બેઠા, તે પછમ દીસે જાણોજી,
જેણે સુઝાતા તેણે વર પાયા, અવર તે મુરખ કહેવાય- હરી...૯૪

# Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 8 (continued)

આશાજી દાડે પોતે દલ ઉલટશે, તે માંહે કોઇ કોઈ હોશેજી,
દલ દેખા જે જીવ સતજ મેલશે, તે જાશે દઇંતને ઘેર–
હરી૦...૯૫

આશાજી ભાદર નદી પાસે દલ બે પડશે, ને ફરતી ખાઇ ખોદાશેજી,
પરવત ડુંગર ઉડીં ઉડી જાશે, પાણી ખુટી જાશે પાતાલ–હરી૦..૯૬

આશાજી એવી વેલા દોએલી આવશે, તારે દાણો પુડીએ વેચાશેજી,
તે વેલામાંહે સતજ રાખે, રાખે શ્રી સારંગધર સામી. હરી૦.૯૭

આશાજી પીર પેગમ્બર સરવે જીવ જાગે, જાગે તે જંપુદ્વીપ માંહેજી,
જંપુદ્વીપ માંહે મેલાણુજ હોશે, ઈમામપુરી નગરી જાણો–હરી૦..૯૮

આશાજી ઠામો ઠામથી ફોજ જ ચાલે, ને ચાલે તે બહુ જીવજી,
અણત અખાડો તીસ દિન હોશે, હોશે તે હુલહુલકાર–હરી૦..૯૯

આશાજી, પીર પેગમ્બર સરવે મોટા હોશે, હોશે તે એણે ઠામજી;
સહુમાંહે અલી તેજવંત જાણો, સો શાહ બેઠા તખત રચાય.
હરી૦ (૧૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 9

આશાજી તખતે બેઠા કોઈ કોઈ જાણે, જેણે જીવે ત્યાં ચેત્યાજી;
મીજાન તોલ્યાનું જારે ઠામજ હોશે, હોશે તે એણે ઠામ.
હરી૦ (૧૦૧)

આશાજી ગુર અવતારે બહુ ગુર આવ્યા, તે માંહે સારંગધર જાણોજી;
ગુર હસનશાહને વરજ આપ્યા, આપ્યા તે અનંતનું જાણો.
હરી૦ (૧૦૨)

આશાજી સરવે જીવના લેખા થાશે, થાશે તે જંબુદ્વીપમાંહેજી;
જે જીવ ખોટા તીસદીન હોશે, હોશે તે નરગ દુઆર. હરી. (૧૦૩)

આશાજી પેટ કારણ પાપ કમાવે, તે ભઠ પડયા અવતારજી;
આગલ જાતાં ખોટા પડશે, તે જાશે નરગ દુઆર. હરી૦ (૧૦૪)

આશાજી માનખા અવતાર ઉત્તમજ કીધા, અને કીયા સો ઉત્તમજ
કામજી;
દસોંદ વિના નીચા કહેવાશે, તેની સાંખ ન પોતી આએ....
હરી૦ (૧૦૫)

આશાજી શુદ દસોંદ ને મુળજ ધરમ, ફલ તે મુનીવર જાણોજી;
હાલ વાયકે ગતમાંહે ગુજારો, તો પોહોંચે ગુરનરને હાથ
હરી૦ (૧૦૬)

આશાજી કરો દયા ને મહેરજ આણો, માહુદન અમને છોડાવોજી;
ફરમાન કરી નરજી બોલ્યા, ચાલો તે ગુર ગીનાન. હરી૦ (૧૦૭)

**Day 9 (continued)**

આશાજી કરતા જુગમાંહે ધરમજ કરતા, જીવડા છુટા અપારજી;
ત્રેતા જુગમાંહે તપજ હુઆ, તો જીવડા છુટા અપાર. હરી. (૧૦૮)

આશાજી દુઆપુર જુગમાંહે ઉતપુત કીધા, ને ઉતમ જીવ ઉપનાજી;
દુઆપુર જુગમાંહે જીવ તારીને મેલ્યા, તે પોતા દેવ દુઆર.
હરી૦ (૧૦૯)

આશાજી કલજુગ પાપી મધમજ ઉપનુ, તે માંહે જીવડા છુટાજી:
પીર સદરદીન બંદગી કીધી, તારે બાર કરોડ જીવ છુટા હરી. (૧૧૦)

આશાજી બાકી કલમાંહે છાશજ રહી, તે આવી અમારે હાથજી;
દાડો ચડતે વીણુસી જાશે, તે માંહેથી કોણ જીવ આવે. હરી૦ (૧૧૧)

આશાજી કલજુગ પુરો બરાબર વએસે, તપે તે કોઈ નહીં જાગેજી:
પાપ કરી જ્યારે હમ પાસે આવે, તો તપે સોહી જીવ છોડાવે.
હરી૦ (૧૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 10**

આશાજી કલજુગમાંહે એવી છાશજ ઉપની, તે માંહે માખણ
કોણ નાંખેજી;
અમે સીંચતા સીંચતા થાકીજ રહ્યા, પણ મોમનનાં મન કઠણ.
હરી૦ (૧૧૩)

આશાજી અમર માની અણુત ઉઠાયા, તેનું ભારજ ટાલોજી,
થોડે ધરમે ઉગારીને લેજો, મહેર કરો મોરા સામી. હરી૦ (૧૧૪)

આશાજી તીલ ધરમ ને હસતી પાપ, સોહી ગત ઉતારેજી;
ગતનાં વચન તે નરજી માને, તે માહાદન માંહે નહીં પુછાયે.
હરી૦ (૧૧૫)

આશાજી સતસેથી જે ગતમાંહે આવે, ગતનું મેલો સોહીજી;
પાપ ઉતરાવી પાછા નહીં કરે, સોહી જીવ હમ તુમકું પ્યારા.
હરી૦ (૧૧૬)

આશાજી ધરમ રચાવે ધરમી સોહી, ધરમી ધરમે રહેવેજી;
સત સુકરીત સીદકે આપો, તો પહોંચો સરગ દુઆર.
હરી૦ (૧૧૭)

આશાજી ખરી રચના ખરા ખરી રાખો, સાચે મારગે ચાલોજી;
ગુરનર બેઈ એક કરી જાણો, તો કરણી ગુરજી કમાઈ. હરી૦ (૧૧૮)

આશાજી તમ કારણ મેં અવતાર જ લીધા. છેલી સંધ માંહે જાણોજી:
છેલ્લી વેલમાંહે ચેતીને ચાલો, તો પોહોંચો સરગ દુઆર.
હરી૦ (૧૧૯)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 10 (continued)

આશાજી અમે ઉણીયાચારી બહુ ઘર પામ્યા, ઘર દીઠે ઘર આવ્યાજી;
તપ વિના કોઇ મારગ ન પોતા, કહે પીર હસન કબીરદીન સાચ.
હરી૦ (૧૨૦)

આશાજી તીસ અહંકાર ઘણુંજ કીધા, કીધા તે લોઢાની ભીંતજી;
તારે આગલ એટલું નહી ચાલે, જે કીધી લોઢાની ભીંત....
હરી૦ (૧૨૧)

આશાજી હુમ કારણુ ગુરજી ઈયાંજ બેઠા, તે છ માસ છ દીનજી;
અરજ બંદગી ગુરે એવીજ કીધી, તબ હુઈ શાહની મહેરબાની,
હરી૦ (૧૨૨)

આશાજી કેની માઇ ને કેનો બાપ, કુટુંબ કેનું નહી ચાલેજી;
ઉતમ કરણી જીવની દીઠી, તબ સો દીધા શાહજી દીદાર
હરી૦ (૧૨૩)

આશાજી અમે ઉણીઆચારી બહુ જીવ કહીએ, અને કહીએ
તમારા દાસજી;
મહેર કરી જબ મોરે શાહજી દીધા, દીધા તબ દીદાર.
હરી૦ (૧૨૪)

આશાજી આલ અલી પેગમ્બર ચાલી આવ્યા, આવ્યા તે નબીજીની
જોડજી;
નબી થકી સરવે આલજ ચાલી, રહેમ રાય સુલતાન. હરી. (૧૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 11**

આશાજી દુનીયા કારણુ શાહ દીનજ કીધા, તે કોઇ કોઇ જીવ ચેત્યાજી;
અબકા ભુલા કોઇ ઠામ ન પોંહોંચે, જાશે તે નરગ દુઆર.
હરી૦ (૧૨૬)

આશાજી સંસાર સરવે સૃષ્ટિ તમારી, અને સરવે માનખા જીવજી;
દયા કરી તમે અમને તારો, સામી સરવે જીવ તમારા. હરી. (૧૨૭)

આશાજી તે માંહેથી સતપંથ દીધા, દીધા તે દીદારજી;
સતપંથ માંહે જે જીવ નહી ચેત્યા, તે જાશે નરગ દુઆર.
હરી૦ (૧૨૮)

આશાજી નાનાં મોટા સરવે જીવ તમારા, અને સરવે જીવ તમારા
કહીએજી:
સહુના વર તો તમને જાણું, સોહી જાણું દેવ મોરાર. હરી. (૧૨૯)

આશાજી સરગ મરત પઇયારજ કહીએ, તે સરવેઇ જીવ તમારાજી;
સહુના વર તો તમને જાણું, સોહી જાણું દેવ મોરાર. હરી. (૧૩૦)

આશાજી સરવે માંહે સાચો સતપંથ કીધો, કીધો તે સદા ઉતમજી;
સતપંથ માંહેથી જે જીવ ભુલા, તેનું નહી કોઇ ઠામ. હરી. (૧૩૧)

આશાજી નવખંડમાંહે તમેજ રચીયા, અને રચીયા તે સરવે સંસારજી;
કાઢી પાવલ ગુરમુખે લાવ્યા, તેની બીજાને નહી કાંઇ સુધ. હરી. (૧૩૨)

**Day 11 (continued)**

આશાજી પાવલ દઇ ગુરસું બોલજ દીધા, અને કીધા ત્યારે જાણુંજી;
ગુરે લઇ કરી રખીસરને દીધા, રખીસરે લઈને પીધા સોઇ.
હરી૦ (૧૩૩)

આશાજી પાવલ પીને ગતમાંહે આવો, અને કરો ગુરનું ગીનાનજી;
ગુરનું ગીનાન જે ઓછું કરી જાણો. તે જાશે નરગ દુઆર:
હરી૦ (૧૩૪)

આશાજી નુરના પગલાં જાહેર દીઠાં, બેઠા તે કહેકને દુઆરજી;
તે નર દેખી જે જીવ ભુલા, તે પડશે દોઝખ માંહે. હરી. (૧૩૫)

આશાજી ચઉદ ભમણુમાંહે રમીઝમી બેઠા, બેઠા તે જંપુદીપમાંહેજી;
તેની સુરત રસુલથી થાશે, તે પીર હસન કબીરદ્દીન જાણુ.
હરી૦ (૧૩૬)

આશાજી અણુત મેલા ઇયાંજ મલશે, અને અનંતે અનંત મલશેજી;
તે માંહે મોટા પીર પેગમ્બર આવે, પીર શમસદ્દીન નિરવાણુ.
હરી૦ (૧૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 12**

આશાજી અસાએબા એંસી લાખજ મલશે, મલશે તે કરોડા કરોડજી;
તંબલ દદામા ભેરીઉં વાજશે, વાજશે તે વાજીંત્ર ઘણેરા. હરી. (૧૩૮)

આશાજી માણેક મોતી લાલ પદારથ, બાંધશે ઉંટું સાથજી;
ઇસિમાઇલ ફિરસ્તો વચ્ચે ફરશે, શાહ બેસસે જંબુદીપમાંહે.
હરી૦ (૧૩૯)

આશાજી સાહેબજીનું સેન ચડશે, અને હોશે તે હુલહુલકારજી;
વીજળી વરાકે ફીર ફીર ફેરા, બેસસે શાહ સરદાર. હરી૦ (૧૪૦)

આશાજી અલીશાહા કેરો સેન વખાણો, અનંત કરોડ જીવ સાથેજી;
મારી દાણવ શાહ દુર કરશે, વાજે તંબલ નિશાન. હરી૦ (૧૪૧)

આશાજી સત્તાલાખ પીર પેગમ્બર આવે, તે માંહે એક સરદારજી;
તીસ શિર એક છત્રજ હોશે, હોશે તે શાહજીકે પાસ. હરી. (૧૪૨)

આશાજી ફરમાની જીવ બહુ મલશે, હુરાંઉ તેની હજુરજી;
અમીના પ્યાલા હાથે દેશે, રખીસરને ઘેર વધાઇયું...હરી. (૧૪૩)

આશાજી હુરાંઉં કેરો સેન વખાણો, પુરબ દીસ પીઆણુંજી;
ફરમાની વર તેને દેશે, હોશે તે તેના ઘરની નાર. હરી. (૧૪૪)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 12 (Continued)

આશાજી ચોધાર એક છત્ર ઢરશે, ઢરશે તે પાંડવાને હાથજી;
ખુરાસાની ત્યાં ચોકી કહીએ, ચોકી તેની જાણો. હરી૦ (૧૪૫)

આશાજી મારશે દાણવ પાંડવ મોરે થાશે, સતીઆ સોહી જાણોજી;
જનમ તપીઆ એ જીવ કહીએ, તેને ઉતમજ જાણો. હરી. (૧૪૬)

આશાજી એવા દલ જયારે એકઠાજ મલશે, હોશે તે રમઝુમકારજી;
એનસીયા કુંતા માતા દ્રોપદી આવે, આવે તે હરીચંદ્રની નાર.
હરી૦ (૧૪૭)

આશાજી દઈતને મારી નરવશ કરશે, તે રૂમ રાહે રહેમાનજી;
મુનીવર કારણ સેન રચાવે, પરણે શાહ વિશ્વ કુંવારી નાર...
હરી૦ (૧૪૮)

આશાજી વિશ્વ કુંવારી નરની નાર, તે રમઝમ કરતી આવેજી;
સેન સઘળું પાયેજ પડશે, પડશે સઘળો સંસાર. હરી૦ (૧૪૯)

આશાજી ઉત્તમ રખીસરને ઘેર તે નારી આવશે, અને દેશે
અમીના કંચોલાજી;
પાછા વળી તેને આશિષ દેશે, જે ધન ધન રખીસર અવતાર.
હરી૦ (૧૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 13**

આશાજી રખીસરને ઘેર તે હુરાં આવે. તે નીત નીત દુઆરમાંહે
કન્શે રાજજી;
વરત લઇ ખુરાકજ આલે, ધન ધન રખીસર અવતાર. હરી. (૧૫૧)

આશાજી દેવ સભા તે રખીસર ઘેર આવે, તે આવે અણુત અખાડોજી;
કલજુગના રખીસર ઉત્તમજ કહીએ, જે આજ પાપમાંહેથી છુટા.
હરી૦ (૧૫૨)

આશાજી સહુ જુગથી કલજુગ ઉતમ, તે માંહે નરજી બેઠાજી;
નબી નુર આ જુગમાંહે આવ્યા, આવ્યા આદ અવતાર. હરી. (૧૫૩)

આશાજી ધરમ જુગ કીરતાર રચશે, પાપને દુર ચુકાવેજી;
સતજુગ કેરી વાતજ કહેવી, સતીયે સત ચલાયા. હરી૦ (૧૫૪)

આશાજી ખરા ખેટાના પારખાં થાશે, તમે મુનીવર ચેતીને ચાલોજી;
દશોંદ વીના મુળ ઉખડીને જાશે, જાશે તે ઘોર અંધાર. હરી. (૧૫૫)

આશાજી થુડ મેલી જે ડાળકું ધીઆવે, તે ડાળે ફલ શું આવેજી;
થુડ સુકા તા ડળ સુકી જાશે, જાશે તે ઘોર અંધાર. હરી. (૧૫૬)

આશાજી દીન દુનીયામાંહે ગુરજી કહીએ, કહીએ તે પીર હસન
કબીરદીન તેનું નામજી;
વારે કેરા પુરખ શ્રેવો, કરીયો મન આનંદ. હરી૦ (૧૫૭)

## Recitation of Ana(n)t Akh$\bar{a}$*do* over 40 days

### Day 13 (Continued)

આશાજી નર અંતતારે નરજી આવ્યા, ગુર અવતારે ગુર સોહી હોવેજી;
માણસ ફેરી શાહ દેવ કરશે, શાહને કરતાં ન લાગે વાર.
હરી૦ (૧૫૮)

આશાજી ઉત્તમચંદની વાતજ કહીએ, ઉત્તમ કોણ જીવ કહાવેજી;
કાચા કાચી પકાવીને ચાલો, તો પોહોંચો સરગ દુઆર હરી. (૧૫૯)

આશાજી પુરી કીરીઆ ધરમજ ગીરીઆ, એવો સોહી નરજી,
અહુંકારે વાદે કોઇ નહી તરીઆ પીર પેગમ્બર સોહી. હરી. (૧૬૦)

આશાજી તીલ એક અંહકાર કાજે, આવી લોઢાની ભીંતજી;
છ માસ લગણ જબ ગુરે તોહોકજ પહેર્યાં, તારેં હુઆ દીન રહેમાન.
હરી. (૧૬૧)

આશાજી અહંકાર કારણ રાવણ માર્યો, દસ મસ્તકનો રાયજી;
લંકા જેસો કોટ ગમાયા, હુઓ સોહી હલાક. હરી૦ (૧૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akh$\bar{a}$*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 14

આશાજી માનખા અવતાર લઇને આવ્યા, તે બહુ જીવ વગોયાજી;
માયા કારણુ જીવ લોભાણો, તે ફરી ફરી આવ્યો અવતાર.
હરી૦ (૧૬૩)

આશાજી એક જીવ કારણુ બહુ અવતર્યો, તે ભઠ પડયો અવતારજી;
માણુક સરખી કાયા ગુમાવી, પડયો તે નીચ અવતાર. હરી. (૧૬૪)

આશાજી જીવણુા થોડા પાપ નં કરીએ, કરો દાન કમાઇજી;
લોક કુટુંબ કોઇ સાથ ન આવે, જે દેશો તે લેશો. હરી૦ (૧૬૫)

આશાજી જીવ અવતારે બહુ જીવ જાણો, અને સરવેઇ જીવ એકજજી;
જીવને દુઃખ જે જીવ દેશે, તે સોહી જીવ આપહી લેવે., હરી. (૧૬૬)

આશાજી શાહને દુઆરે સરવે જીવ સરખા, કોઇ હીણાં નહી
ખીણાજી;
જીવ જીવને પરખીને લેજો, નહી તો લેશો અવતાર. હરી. (૧૬૭)

આશાજી સંસાર સીરજ્યા માયા વળગી, જીવ લોભાણો ભુલો જાયજી;
તીસમાંહે ગુર ગીનાનજ દીધા, કીધા તમને જાણ. હરી૦ (૧૬૮)

આશાજી પાણી પત્થર લકકડ લોહો, સરવે અલીજીએ સીરજ્યાજી;
જીનુંકી જેસી સુકરીત હોશે, તીનકું તેસા અવતાર. હરી. (૧૬૯)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 14 (continued)

આશાજી મારગ ચોકખો મલી કરી ચાલો, અંધેરો નથી લગારજી;
અંજવાલા માંહે જે અંધેરા કરશે, તે જાશે નરગ દુઆર. હરી. (૧૭૦)

આશાજી અમને સોહી ગુર ભરમાજી થાપીઆ, તારે તે એક જીવ કરી દીઠાજી;
નાના મોટા સરવે એકજ દીઠા, નહી કોઇ હીણાં ન ખીણાં;
હરી૦ (૧૭૧)

આશાજી સતપંથ એહી સદા ઉતમ સોહી અમને પાયાજી;
અમારા જીવ અમે ઓલખીને પાયા, દીધા તેને ગુર ગીનાન.
હરી૦ (૧૭૨)

આશાજી ધરમ મારગ આપણો રાખો, કેને નહી તમે ખંડોજી;
આગળ જાતાં સહુ મળશે. મળશે તે શાહાને દુઆર. હરી. (૧૭૩)

આશાજી સાધનો મારગ છાનો ધરમ, અને છાનું હેતજ રાખોજી,
આગલ જાતાં જાહેર થાશે, તારે મુરખ હાથ ઘસાયે. હરી. (૧૭૪)

આશાજી હાથ ઘસંતા હાડ નિસરશે, જેણે પંથકી સુધ નવ પાઇજી;
વેલા હતી તે વહી કરી ચાલી, હવે રહ્યા હાથજ ખાલી.
હરી૦ (૧૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*d*o over 40 days**

**Day 15**

આશાજી જુગ પરમાણે પંથ રચાયા, ભેદ કેણે કેણે પાયાજી;
ભેદ છોડી જે જીવ અભેદે ચાલે, તે જીવ પડશે જંજાળ.
હરી૦ (૧૭૬)

આશાજી હીંદુ મુસલમાન શાહજીના જીવડા, કેની ભ્રાંત ન કાઢોજી;
સહુ જીવ મલશે શાહજીને પાસે, લેખા લેશે નારાયણ. હરી. (૧૭૭)

આશાજી મસીત માંહે જઇ બાંગજ દેશે, ઉન્કે દીલમાંહે એસાજી;
રસુલ વિના જો નીમાઝ ગુજારે, તે વેલા હોસે અંધેરા. હરી. (૧૭૮)

આશાજી કલમા પડે ને દીન પુકારે, દીલમાંહે નહી હે શામીજી;
દીલ પાકે જો કલમા પડશે, હોશે તે સરગ દુઆર. હરી. (૧૭૯)

આશાજી હીન્દુ મુસલમાન સરવે એકઠા, તે રૂપ કર્યા નારાયણજી;
સહુ કોઇ યાં એસા જાણે, પણ ઓળખ્યા વિના અંધારા.
હરી૦ (૧૮૦)

આશાજી હીંદુ હોઇને પત્થર પુજે, તીસ માંહે નહી હે શામીજી;
ઇમાન સરીખું કોઇ નહી જાણો, રાખો દુરસ્ત ઇમાન. હરી. (૧૮૧)

આશાજી પત્થર ઉપર હીન્દુ પુજે, તે માંહે નહી હે શામીજી;
સતપંથ માંહે જો ઇમાન લાવો, તો પોહોંચે સરગ દુઆર. હરી. (૧૮૨)

**Day 15 (continued)**

આશાજી જાહેર ઉત્તમ એ પંથ ઉપના, નરને જે નહી જાણેજી;
સોહી જીવ જંજાલે પડશે, સોહી જીવ પત્થર તોલ. હરી. (૧૮૩)

આશાજી મારગ વસમો વાટજ દોહેલી, તીસમાંહે મુનીવર ચાલોજી;
ખરા મારગમાંહે ખરાજ ચાલો, તો પોહોંચો દેવ દુઆર. હરી. (૧૮૪)

આશાજી હેત કરી એ પંથજ કીધા, તે પંથે પંથ સમાણાજી;
ચઉદ ભમણુકી રચના કીધી, તેને તો કોઇ નવ જાણે. હરી. (૧૮૫)

આશાજી નજર નીરમલ નરજીએ કીધી, તે નરજીએ નજર કીઆજી;
ખેલ તમારા કોઇ નવ જાણે, જો કરીએ સો હોઇ. હરી૦ (૧૮૬)

આશાજી ઉપત ખપતકી નજરજ કરના, એબી ખેલ તમારાજી;
સરવે રચના તેરે નજરે હુઇ, હમ બી તેરા દાસ. હરી૦ (૧૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akh*ā*do over 40 days

## Day 16

આશાજી હુમ કુછ નાંહી તમે છો સરવે, શ્રેવા તમારી હુમ લીઅણાજી;
તમારા બંદા તે તમેહી તારો, તો નામ રહે ઇલાહી. હરી. (૧૮૮)

આશાજી કાએમ રૂપે શાહ મહેરજ રાખો, આરબી રૂપે અલી તારોજી;
મયા કરીને ભેટાડો દીદાર, તમે શાહ દાતાર. હરી૦ (૧૮૯)

આશાજી કરી દયા ને મહેરજ આણો, અને કરો મહેર મોરારજી;
આરબી રૂપે અલી દીદાર દેજો, તારો તમે તારણહાર. હરી૦ (૧૯૦)

આશાજી કાએમ કાજી રૂપ ધરશે, તીસ દીન કેનું નહીં ચાલેજી;
માપે રાજા આપે વઝીર હોશે, હોશે તે આપોઈ આપ. હરી. (૧૯૧)

આશાજી જુગ કલપના જીવડા મળશે, મળશે જંબુદ્વીપ માંહેજી;
અદલ ફીરોઈ ફીરસ્તા આવે, તે તો કરશે અદલ ન્યાય. હરી. (૧૯૨)

આશાજી મારી પાપી દાલદ્ર દુર કરશે, કરશે નરજી સોહીજી;
પાપી સીર ત્યાં ગુનાહ પડશે, રોશે તે અતિ અપાર. હરી. (૧૯૩)

આશાજી હાથ પગ પાપીના વાઢી લેશે, તે પડસે ઉંધે માથેજી;
તીસ દીન તેવી વેલા થાશે, જે મહેરજ ન થાશે લગાર. હરી. (૧૯૪)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 16 (continued)

આશાજી પાપી જીવડા પરલે પડશે, પડશે તે ઘોર અંધારેજી;
માનખા જનમ તે જીવ હાર્યો, જેમ અધુરો ઇંડો જાણ. હરી. (૧૯૫)

આશાજી જુગાજુગ જે જીવ ખોટા પડશે, તે પડશે ઘોર અંધારજી;
સતપંથમાંહે જે સાચા નહી ચાલે, તે પડશે ઘોર અધાર. હરી. (૧૯૬)

આશાજી ધરમ લીધા તો સનમુખ ચાલો, પાછી ખોટ મ રાખોજી;
સરગ મરત પઇયારજ મળશે, તે માંહે સાંખજ જાશે. હરી. (૧૯૭)

આશાજી કલજુગના સતી જીવડા ચાલશે, તેને શિર છત્ર શાહ
મોરો હોશેજી;
છત્રથી જે દુરજ રહેશે, તેનો જનમ ગયો રંડાઈ. હરી૦ (૧૯૮)

આશાજી વેતરણી નદી જે જીવ ઉતરી જાશે, પણ ઉતરે તે વીરલા કોઇજી;
આગલ જાતાં રોકાઈ રહેશે, ઉતરે તે વીરલા કોઇ. હરી૦ (૧૯૯)

આશાજી સરગ દોએલો કોઇ કોઈ પોહોંચે, અને નરગ દુઆરે જીવ
બહોતજી;
નરગ માંહે જીવ બહુ દુઃખ ભોગવે, પડશે ઘોર અંધાર. હરી. (૨૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 17

આશાજી દુનીયાંમાંહે જીવ અવતર્યા, તે માયામાં બંધાણા જીવ ભુલા જાયંજી;
પેટ કારણ કુડ કમાવે, તે જાશે નરગ દુઆર. હરી० (૨૦૧)

આશાજી જીવને કારણ અવતારજ લીધા, લીધા તે ચારે જુગજી;
જીવને કારણ નરજી આવ્યા, ગુરને લાવ્યા સાથ. હરી० (૨૦૨)

આશાજી છત્રીસ જુગ ગુરે બંદગી કીધી. નરને ખરા કરી માન્યાજી;
ફરમાન થકી એ ફલજ પાયા, તે બેઠા નરને પાસ. હરી. (૨૦૩)

આશાજી નરને ગુર તો એક કરી જાણો, નહી હે દુજા કોઇજી;
તપ કારણ ગુર બ્રહ્માજી આવ્યા, તે આવ્યા જુગમાંહે જાણ.
હરી० (૨૦૪)

આશાજી તપ કરી ગુરે નરને બેસાડયા, બેસાડયાં તે માનખા અવતારજી;
કોલ લઇ ગુરે મોમન કીધા, કીધા તે સરગ દુઆર. હરી० (૨૦૫)

આશાજી મોમન તે જે મનને મારે, જાવે તે સરગ દુઆરજી;
નમતા ખમતા ગુરજીસું રાખો, તો પોહોંચો સરગ દુઆર.
હરી० (૨૦૬)

આશાજી ચંદ્ર સુરજ સાહેબે સીરજ્યા, જોત દીઆ રહેમાનજી;
પીરશાહનું રૂપ તેજ પિછાણો, કરો તે દિલમાંહે જાણ. હરી. (૨૦૭)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 17 (continued)

આશાજી અમેજ નાંના ઘરમાંહે રહેતા, ગુર મોટા ત્યાંથી ચાલ્યાજી;
હમ હમારા તપ માંહે બેઠા, મહેર કરો મોરા સામી. જીવ. (૨૦૮)

આશાજી બાલક બોલ નાના બોલે, રહેવે તે ઘેર દુઆરજી;
ગુર મોટા તે દુઆરજ પોતા, પોંતા તે જઈ નીરવાણ. હરી. (૨૦૯)

આશાજી આગલ જાતાં મારગ ન પાયા, રહ્યા તે કહેકની બહારજી;
સરવે જુમલા ત્યાં કને રહ્યા, રહ્યા તે કહેકની બહાર. હરી. (૨૧૦)

આશાજી છ માસ લગણ તપજ કીધા, તીયાં લગણ પાગ બનાઈજી;
ગજ ગજ પ્રમાણે સફાયતજ લખ્યા, લખ્યા તે શાહુને ફરમાન.
હરી. (૨૧૧)

આશાજી મહેર કરી તમે અણુતને લાવ્યા, અને લાવ્યા તેં આપણે હજુરજી;
અણુતકો વર તારે અમને આલ્યો, આલ્યો તે દેવ મોરાર. હરી. (૨૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 18**

આશાજી કરો કમાઈ ને કીરીઆં કરો, શ્રેવો દેવ મોરારજી;
ફઝલ કરો હો મોરા સામી, અદલે જીવ ન છુટે. હરી૦ (૨૧૩)

આશાજી ફઝલ કરો તો ત્યાં ઘણા છુટે, મેહેર કરો મોરા સામીજી;
પીર પેગમ્બર જીવ તમારા, સુણો તેની ફરીયાદ. હરી૦ (૨૧૪)

આશાજી સાર સરોવર કમાઈ ન ચુકે, તે માંહે પાર ઉતારોજી;
હાથીડું દઈને ઉગારો મોરા સામી, થાવો માઈ ને બાપ. હરી (૨૧૫)

આશાજી સાત સમુદ્ર વીચમાંહે બેઠા, તારો દઈને ઉગારોજી;
મયા કરો મોરા સામી, ભેટાડો તમારો દીદાર. હરી૦ (૨૧૬)

આશાજી અમેજ ભુલા તમે ઉગારો, મહેર કરો મારા સામીજી;
એહી જીવ તમારા જાણો, જાણો તમો શ્રી એસ્લામશાહ. હરી. (૨૧૭)

આશાજી ગુને ભર્યા જીવજ બુડે, તેને બહારજ કાઢોજી;
નહી તો જીવડા ભુલી જાશે, જાશે તે અવર મારગ. હરી૦ (૨૧૮)

આશાજી હીણા ખીણા સરવે જીવ તમારા, બેઠા છે તમારે દુઆરજી;
મહેરકી નજર કરો મોરા સામી, ફઝલ કરો એ દયાળ. હરી. (૨૧૯)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 18 (continued)**

આશાજી અણુતકો ભાર અમને દીધા, કરો-તેનો નિસ્તારજી;
કલીકાળમાંહે બહુ પાપજ થાશે, ધરમ થોડો થાશે લગાર.
હરી૦ (૨૨૦)

આશાજી ખણુમાંહે જીવ ખન ખન રાચે, ને ખણુમાંહે કુડ કમાવેજી;
અથર વેદ ને અથર જીવ, તે લાગ્યા તમારે પાય. હરી૦ (૨૨૧)

આશાજી જીવ કારણુ મનમાંહે જાણો, કરો ગુર વધાઇયુંજી;
ગુર ગીનાને જે જીવ ચાલે, તે આવશે અમારે પાસ. હરી. (૨૨૨)

આશાજી ત્યાંથી પીર આપ સધાર્યા, અને સધાર્યા તે નર સનમુખજી;
ઉંચ મુલકથી મહેરજ કીધી, કીધી તે આપોઇ આપ. હરી. (૨૨૩)

આશાજી જાતે દહાડે અલી ઉંચજ આવે, આવે ઉંચ મુલસ્તાનેજી;
લોહ કીલ્લા સરવે પાડીને નાંખે, કરશે જંગલ મેદાન. હરી. (૨૨૪)

આશાજી કમલા કુંવર તબજ આવે, અને આવે ગુરજીકે પાસજી;
સુરજા રાણી અરજ કરશે, ભેટયા શ્રી દેવ મોરાર. હરી. (૨૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Day19**

આશાજી સુરજા રાણી ત્યાંથી ચાલી આવે, આવે નરને દુઆરજી;
કોલ દીધા તે પાલો મોરા સામી, મહેર કરો કરો મોરા સામી.
હરી० (૨૨૬)

આશાજી માહાદન અમે નજરે ન દેખું, એ અમે મન પતીણાજી;
કરણી કમાઈ જેની પુરી હોશે, તે જીવ બેસશે શાહજીકે પાસ.
હરી० (૨૨૭)

આશાજી દઇંત દાણવ દુષ્ટિ થાશે, નારી શાહકે પાસજી;
કરણી કમાઇ પોતાની ખાશે, લેશો હાથોહી હાથ. હરી. (૨૨૮)

આશાજી કરણી કરશે ને જીવ ખાસે, બીજો નહી કોઇ આવેજી;
સેન દેખી પાછા વળશે, જાશે અપણે દુઆર. હરી० (૨૨૯)

આશાજી તોરણ બાંધ્યા ત્યાંથી વળશે, જાશે તે જંગલ જંઝાળજી;
કોઇ ત્યાં વાત ન પુછે, હોશે એહી હેરાન. હરી० (૨૩૦)

આશાજી સુરજા રાણી શાહકે પાસે, પલંગે ચમર ઢરાવેજી;
કમલાકુંવર વા જ નાખે, તે સીર છત્ર ઢરાયે. હરી० (૨૩૧)

આશાજી આઠે પ્રાણી પાગજ બાંધશે, કરશે જયજયકારજી;
ધન ધન કરણી કમલાકુંવર તણી, કરશે શાહની હુશીયારી.
હરી० (૨૩૨)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 19 (continued)

આશાજી કરણી કરશે તેં મેલામાંહે મળશે, હોશે જયજયકારજી;
સરગ મરત પઇયારજ માંહે, સાંખ હોશે નીરવાણ. હરી० (૨૩૩)

આશાજી સરવ સરીખા સરવ મળશે, મળશે દેવ દુઆરેજી;
સાચી સુકરીત તે ફલ લેશે, લેશે ઇમામને હાથ. હરી० (૨૩૪)

આશાજી અણગણ્યા ત્યાં દલ મલશે, મલશે શાહને દુઆરજી;
સહુ કોઈ આપણી આપણી કરસે, ગુર કરે નરની શ્રેવા.
હરી० (૨૩૫)

આશાજી સહુને હાથે માણક મોતી, ઝલકે હીરા અપારજી;
સોના કેરી કાયા ઝલકે, હોશે અમરત વાણી. હરી० (૨૩૬)

આશાજી શેસ્ત્ર હાથી શેસ્ત્ર ઘોડા, સરવે એકી મોરે ઉભાજી;
સહુ કોઇ જાંપ પીરશાહનું જંપે, અલી થાયે અસ્વાર. હરી. (૨૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Nooorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 20

આશાજી દુલદુલ પાખરી સામીજી ચડશે, હાથે લેશે ખણુંગ ત્રિધારજી;
ખનાનું તેજ જેમ વીજળી ચમકે, હોશે હલહલકાર. હરી. (૨૩૮)

આશાજી સેન સઘલું હાલ્રી ચાલી મલશે, જેમ સરોવર નદીયે નીરજી;
પહેલે દીન તો પાણી પોહોંચે, બીજે દીન રહેમત શાહની. હરી. (૨૩૯)

આશાજી પગની ખુરીઉં પાહે પટોલા, હીરા જરતર જડીઆજી;
સાત સરોવર ભેડા ચાલે, સરવે રેહેમત પીવે. હરી. (૨૪૦)

આશાજી સેન ચાલશે ને ખેહ ઉડશે, રવ સુરજ છીપશેજી;
ખનું કાઢી સામી હાથે લેશે. ઉભશે શાહ વીચોવીચ. હરી૦ (૨૪૧)

આશાજી ખને અંજવાલે સરવે સેન ચાલે, ચાલે તે જંબુદ્દીપેજી;
તુરીંગ પલાણે ને દઈતને મારે, પાંચ નદી સીર પાસે. હરી. (૨૪૨)

આશાજી તુરીંગ સાથે તુરી તુરી ચાલે, ચાલે તુરી લાખો લાખજી;
સામસામાથી લશ્કર ચાલે, કોઈ હાર્યો નવ જાયે. હરી૦ (૨૪૩)

આશાજી દઈત દેવ એકઠા મલશે, હોશે હોહોકારજી;
તે વેલામાંહે કોઈ નહી ઓલખે, સેન મલશે સંસાર. હરી. (૨૪૪)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 20 (continued)**

આશાજી પગની ખુરીઉં તે બહુ વાજે, વાજે તે વાજીંત્ર ઘણેરાજી;
અન્નપાણીની કેને સુધ નહીં રહેશે, હોશે તે હોહોકાર. હરી. (૨૪૫)

આશાજી કલજુગના જીવડા બહુ છે મોટા તે સામુ ન જોવાયજી;
જુગાંજુગથી કલજુગ નાનો, તે માંહે અપાર. હરી૦ (૨૪૬)

આશાજી કલજુગમાંહે જે જીવ સીધા, તે જીવ સહુથી મોટાજી;
છત્ર હેઠ સહુ કોઇ બેસે, જોશે શાહજીનું સેન. હરી૦ (૨૪૭)

આશાજી બાળી મસાલો શાહજી દેશે, ગુર બ્રહ્માજીને હાથજી;
તમારા જીવ તમે સરવે જોઇને તારો, અવર સરવેને મારો. હરી. (૨૪૮)

આશાજી કલજુગના જીવને કાઢી ચીઠી, મોઢા પર તે રહેશેજી;
હમારી મોહોર એહીજ જાણો, સતગુર શ્રી એસ્લામશાહ. હરી. (૨૪૯)

આશાજી ખુણે ખુણે લશકર મળસે, સહુમાંહે મળશે એકઠાજી;
સાબરમતી નદી પુરજ વહેશે, વહેસે લોહીની ધાર. હરી૦ (૨૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 21

આશાજી તે માંહે જે જીવ અમતણા હોશે, તે રહેશે છત્ર હેઠજી;
તે વેલામાંહે પીર જોઈને લેશે, લેશે શાહજીને પાસ. હરી. (૨૫૧)

આશાજી સંધ્યા વેલા તમે મત કોઈ ચુકો, એ છે ગુરની એંધાણીજી;
એ વેલા તમને દીધી, કીધી તે દીનની બારી. હરી૦ (૨૫૨)

આશાજી બીજી વેલા એહીજ જાણો, રાત ઘડી છ ગઇ જાણોજી;
તે તો બારી દરગા તણી, ગુરથી થાવો હુશીઆર. હરી. (૨૫૩)

આશાજી ત્રીજી સંધ્યા પાછલી જાણો, ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ, લેવે ગુરને હાથ. હરી૦ (૨૫૪)

આશાજી ચોથી બારી નહીં કુછ બોલે, નીત નીત કરવી વધાઈજી;
ગુરનરસું નીત હેતજ રાખો તો પહોંચો સરગદુઆર. હરી. (૨૫૫)

આશાજી પાંચમી બારી દસોંદની કહીએ, તે સહુથી મોટી જાણોજી;
તે માંહે તમે રહો હુશીયાર, તો રહેશો ગુરનરને સાથ. હરી. (૨૫૬)

આશાજી મન થર રાખો, ધરમે ચાલો, કરો ગુરસું પ્યારજી;
કાલે કાયા પડી ગલી જાશે, હોશે પલત્ર ખુઆર. હરી૦ (૨૫૭)

**Day 21 (continued)**

આશાજી કાયા રતન કાયકું ગુમાવો, મુરખ કાંએ જનમ હરાવોજી;
જનમ તમારો એલે જાશે, હાથ ન આવે કાંઇ. હરી० (૨૫૮)

આશાજી કાયા કાચી મુલ ચુકાવો, તો દસોંદ તણું ફલ પામોજી;
ગુરનરને તમે લોભી મત જાણો, એ છે સાર શરીર. હરી. (૨૫૯)

આશાજી સાર શરીરે શાહ ભરપુર બેઠા, કમી તો કુછ નાંહીજી;
પુરી કમાઇના ફલજ પામો, પામો તે માહાદનમાંહે. હરી. (૨૬૦)

આશાજી સાર શરીરતો સાહેબે સરજ્યાં, તેને લોભ નહી લગારજી;
છુટવા કારણ જીવોને કહયું. તે ગુરનર આપોહીઆપ. હરી. (૨૬૧)

આશાજી હમ કુછ નાંહી તમે છો નાંથ, મહેર કરો મોરા સાંમીજી;
વચન તમારા એહીજ બોલો, તમે છો મોટા નાથ. હરી. (૨૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akh*ā*do. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 22

આશાજી નારી કુંઆરી તમ ઘર બેઠી, તમે છો વરરાજાજી;
મહેર કરી જબ લઇ કરી ચાલો, તબ સો સોહાગી કહેવાય.
હરી૦ (૨૬૩)

આશાજી ચોરી બાંધીને જુગ મીલાવો, એહીજ તેરા કામજી;
ફેરા ફરાવી જબ ઘરમાંહે લેશો, તબ સહુ કહેવે નાર. હરી. (૨૬૪)

આશાજી ઘરમાંહે લઇને સોહાગી કહેવાયે, તબ સો સરવે બોલાવેજી;
દોઆગણ જો મે કબઈ કહો, તો દોએ તડ મુજથી જાએ.
હરી૦ (૨૬૫)

આશાજી હમે તમારી નારી તમે હો નાથ; હમ તેરા ગુલામજી;
મહેર કરો તમે જીવડા તારો, હીણાં ખીણાં એકાર. હરી૦ (૨૬૬)

આશાજી અમને વલગા તે તમ ઘેર આવ્યા, સુણો તેની ફરિયાદજી;
પાપી જુગમાંહે કેમ કમાવે, અને માનખા અવતાર ભોગવે.
હરી૦ (૨૬૭)

આશાજી નવનાડ તે એકજ નાંહી, અને થર નહી તેનો જીવજી;
મહેર કરી તમે ફઝલ કરજો, તો છુટે સરવે જીવ. હરી૦ (૨૬૮)

આશાજી એક ખણમાંહે કહીં જીવ તારો, અને કહીં જીવ દુલાવોજી;
તેરે અંતકો અંત તુંહીજ જાણે, સુણો અમારી વાત. હરી. (૨૬૯)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 22 (Continued)

આશાજી વાત અમારી ચીતમાંહે રાખો, કરો તમારી મહેરજી;
હુમ તમ દર એકજ જાણો, કરો સોહી વાત. હરી૦ (૨૭૦)

આશાજી ગુર પરસાદે નરને સેવો, નર પરસાદે નર આવેજી;
ગુરને તપે નરજી બેઠા, કરમ કરો મોરા સામી. હરી૦ (૨૭૧)

આશાજી કાએમ કુદરતી સેન રચાવે, કુદરતી સેન ચલાવેજી;
એના કેરો અંત એહીજ જાણે, આપે કરે ઇલાહી. હરી૦ (૨૭૨)

આશાજી દસ આસમાન તો આપે કીધા, દસે આપે સમાર્યાજી;
દસ આસમાન માંહે રમીજ રહ્યા, તે કીધા ખેલ સંપુર્ણ. હરી. (૨૭૩)

આશાજી પાતાલ તણી સુધ જે જાણે, સોહી ધણી યાં આયાજી;
પૃથ્વીના જેણે બંધજ બાંધ્યા, સો નર આપે બેઠા. હરી૦ (૨૭૪)

આશાજી શ્રી ઇસ્લામશાહ તખતેજ બેઠા, કરે દીનકા કામજી;
ઇસ નર કારણુ મેં સબ જુગ ઢુંઢયા, પાયા એણે ઠામ. હરી (૨૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 23

આશાજી મારી મીલછ તખત રચાયા, કીધા એ પરીયાણુજી;
મીલછ મારી તેણે જોત જગાડી, બેઠા કહેકજ માંહે. હરી. (૨૭૬)

આશાજી હુસ્નાપુરી માંહે તખતેજ બેઠા, કેણે તીયાં ન જાણ્યાજી;
ગુર બ્રહ્મા પીર સદરદીન પોતા, તેણે કીધા નેહુાર. હરી. (૨૭૭)

આશાજી બાર માસ ગુર તપજ સાધ્યા, રહ્યા તે દર દરવાજેજી;
મહેર કરો મોરા ગુસાંઈયા, આપ દીઓ દીદાર. હરી૦ (૨૭૮)

આશાજી બાર માસે નરજી આવ્યા આવ્યા તે કોલ કરારજી;
કોલ કરી ગુર પાછાં આવ્યા, પોહોતા ઉંચજ માંહે. હરી. (૨૭૯)

આશાજી ગત જુમલા સરવે આવ્યા, કીધી ગુરે વધાયુંજી;
એ મારગ ગુરે ચલાયા, પરતક શાહ દીખલાંયા. હરી૦ (૨૮૦)

આશાજી પંથ મારગ ગુરે ચલાયા, પરતક શાહ દીખલાયાજી;
સોહી શ્રી એસ્લામશાહ જાણો, સોહી કેહેકમાંહે બેઠા. હરી. (૨૮૧)

આશાજી સોહી ગુર બાર ક્રોડસું પોતા, પોતા સરગ દુઆરેજી;
ધન ધન કરણી રખીસર તણી, જેણે ભેટ્યા દેવ મોરાર.
હરી૦ (૨૮૨)

**Day 23 (Continued)**

આશાજી મારી ભુત ને દેવ રખીસર કીધા, રખીસર જીવ સોહીજી;
અમર ભોમ અમરાપુરીં પોહોતા, તે શાહને હાથોહાથ.
હરી૦ (૨૮૩)

આશાજી એવા રખીસર કોઇ કોઇ હોશે, અને હોશે તે વીરલા કોઇજી;
તે રખીસર ઘેર વધાઈયું હોશે, અને પોંચશે તે જંપુદ્દીપે.
હરી૦ (૨૮૪)

આશાજી સરગ ભમણ દોએ એકઠા રહેશે, અને સરગમાંહે વધાયુંજી;
દસમેં આસમાનેથી નરજી આવ્યા, આવ્યા તે આપોહી આપ.
હરી૦ (૨૮૫)

આશાજી પચાસ હુરા નુરાની આવે, એક આવે અરધઅંગનીજી;
એકઠા બેસીને આપજ ખેલે, ખેલે તે ખેલણહાર. હરી૦ (૨૮૬)

આશાજી અરધઅંગની તે નારી આવે, જે હોવે શીલ સંતોખીજી;
તે નારી પચાસમાંહે શોભે, શોભે આપ શણગાર. હરી. (૨૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 24

આશાજી શીલ સંતોખી નારી કોઇ કોઇ હોશે, હોશે કલમાંહે કોઇજી;
કલીમાંહે સત કોઇ ન રાખે, તે પેટ કારણ ગમાવે. હરી૦ (૨૮૮)

આશાજી બીબી ફાતમા સીલવંતી કહીએ, ને સીતા તેની જોડજી;
રાબીઆ તેની જોડજ કહીએ, કહીએ તે જુગમાંહે સાર. હરી. (૨૮૯)

આશાજી કલીકાલમાંહે સતીઆં બોહોતજ કાહાવે, અને જે રાખે આપણું આપજી;
કલીકાળમાંહે વાસોજ વસે, સતે તે જીવ છુટે. હરી૦ (૨૯૦)

આશાજી સત સતીઉંના બીબી રાખે, જે હોશે અલીજીની નારજી;
ગીનાન વીચારી જે નારી ચાલે, જે સાંભળે આપણે ધ્યાન.
હરી૦ (૨૯૧)

આશાજી કુટુંબ પરીવારની લાજ જ રાખે, અને સાસુ સસરાને જાણેજી;
ઉનુંકો સત તે બીબી રાખે, તે રાખે અલીજીની નાર. હરી. (૨૯૨)

આશાજી માયા નારી તે રૂપ અપારી, જે જાણો તે શક્તિ રૂપેજી,
તીસ નારીકે સંગ જે જીવ ભુલા, તે પડીઆ મોટે ફેર.
હરી૦ (૨૯૩)

આશાજી ચાર સતીઉં આગે થઇ ગઇયું, અને ઉતમ તેના કામજી;
કુટુંબ પરીવારની લાજજ રાખે, તે હોશે સતીઉંની જોડ હરી.(૨૯૪)

**Day 24 (continued)**

આશાજી નારીથી એ નર ઉપના, અને ઉત્તમ હોએ નારીજી;
ગીનાન વિચારી જે નરકું આરાધે, તે પચાસમાંહે શોભે સાર.
હરી૦ (૨૯૫)

આશાજી હીરા માણેક તે નારી પામે, તખત કેરા શણગારજી;
પચાસ હુરા તેના કહુયામાંહે બેસે, કરશે આપે રાજ. હરી. (૨૯૬)

આશાજી પાંચસો કુંવર તેની પાસે રમશે, અંને રમશે ચોધારજી;
હુરૂં પચાસ બીડાં દેશે, લેવે તખતની નાર. હરી૦ (૨૯૭)

આશાજી ઉતમ ભરથાર તેનેજ કહીએ, જે બેઠા તેની જોડજી;
હુકમી ફિરસ્તા ઉભે તેની જોડે, ઉભા કરે સલામ. હરી૦ (૨૯૮)

આશાજી સાંભળો નારી ગુરજી કહે છે, જુઓ જુઓ અણુત વીચારીજી;
અણુત વીચારી જે જીવ ચાલે, તે એસશે હુરાંની જોડ. હરી (૨૯૯)

આશાજી પુરખ નારીનો એહ વીચાર, જે રાખે આપણું શીલજી;
કાયા કાચી જે જીવ બગાડશે, તે હુરાંનો નહી શણગાર.
હરી૦ (૩૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 25**

આશાજી પાંચ ઇંદ્રી જેણે વશ રાખી, પુરખ ઉત્તમ તેનું નામજી;
સહેજે તે જીવ વઇકુંઠ જાશે, બેસશે હુરાંઓની જોડ. હરી. (૩૦૧)

આશાજી નમીઆ ખમીઆ ગુરજીને ભાવે અને દસોંદ નરજીનો
આહારજી;
ધરમ નિયમ તેની વારજ કહીએ, ગુર કહે સો આપોહી આપ.
હરી૦ (૩૦૨)

આશાજી ગરીબ અભીયાગત જોડજ કહીએ, અને કહીએ તે
અમારી જોડજી;
ગરીબ જાણી જે જીવ જમાડે, તે પોહોંચે અમને આહાર. હરી. (૩૦૩)

આશાજી ગરીબમાંહે રૂપ અમતણું કહીએ, અને કહીએ તે
ગુરજીની જોડજી;
અણુત વીચારી જે ગરીબ જમાડે, તે પોહોંચે અમને આહાર.
હરી૦ (૩૦૪)

આશાજી દસમંધી સરગંધી શાહુકું પ્યારી તેથી ગરીબ જમાડોજી;
ગરીબ તે જે કાંઇ નવ જાણે, પરનારી સમું ન જોવે. હરી. (૩૦૫)

આશાજી કાચી ઇંદ્રી જે જીવ વારે, તે અમ તણો અવતારજી;
આખર વેલામાંહે જે જીવ ભુલા, તે જાશે ઘોર અંધાર. હરી. (૩૦૬)

આશાજી પેટી ઇંદ્રી પાંડવે વારી, રાજા જુજેષ્ઠણ તેનું નામજી;
પાંચ પાંડવ મોટા એ થકી જાણો, તે પોહોતા સરગ દુઆર.
હરી૦ (૩૦૭)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 25 (continued)

આશાજી ગાયકો સરાપ સાહેબજીએ રાખ્યો, ખલક દુનીઆ જોવેજી;
પરનીંદા એવી ભુંડી જાણો, પાંડવોના ઉતાર્યા પાપ. હરી. (૩૦૮)

આશાજી હસનાપુરી મોટી નગરી, તે માંહે પાંડવ છુટાજી;
નીંદા થકી જીવના પાપ ઉતર્યા, પાપ લીધા તેણે વેંચી. હરી. (૩૦૯)

આશાજી પાંડવે સરીખે નીંદા કરાવી, તણ જા શાહુકું પાયાજી;
સામી નીંદા લોકે કીધી તણજા ઉતર્યા પાપ. હરી० (૩૧૦)

આશાજી ગાય વીરોધી સંસારે દીઠી, તબસો નીંદા કીધીજી;
નુર ગુસાંઈકું કેણે નવ જાણ્યા, તે કારણ પાંડવ છુટા. હરી. (૩૧૧)

આશાજી ઓળખ્યા વીના અંધારૂં જાણો, જે મુરખ ભુલા વાટજી;
માતા કુંતાજી દ્રુપતી કહીએ, શીલ તેઓના સાચા. હરી. (૩૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 26**

આશાજી સાંભળો મોમનો ગુરજી કહે છે, પીર હુસન કબીરદીન તેનું નામજી;
ગુર વચને તે પાંડવ ચાલ્યા, તે નામ રહ્યા રહેમાન. હરી૦ (૩૧૩)

આશાજી ગુરના કહીઆ જે જીવ ન કરશે, તે થાશે કોરવાની જોડજી;
જાતે દહાડે ખોટા પડશે, તે જાશે ઘોર અંધાર. હરી૦ (૩૧૪)

આશાજી ગુર કંથી કંથી ગીનાન સુણાયા, મોમનેકું ચેતાયાજી;
કરો હુશીયારી ચીંતા રાખો, ઝીકર કરો મોરાભાઇ. હરી૦ (૩૧૫)

આશાજી હુમહી સુઝાના હુમે નર પાયા. મોમનેકું ભેદ બતાયાજી;
પંથ મારગ સતના આલ્યા, આલ્યા અથર વેદ. હરી૦ (૩૧૬)

આશાજી રૂગ જુજર શામજ ગયા, અથર તણો થયો વારોજી;
મુસલમાની શાહ રૂપ દેખાડયા, આડે આવ્યા અલી સોહી. હરી૦ (૩૧૭)

આશાજી મુસલમાની રૂપ શાહ દેખાડયા, દેખે સરવે સંસારજી;
મોમન જીવુંને રૂપ દેખાડયા, નર અવતાર ઇલાહી. હરી૦ (૩૧૮)

આશાજી કલજુગમાંહે કહીં પાખંડ થાશે, થાશે તે ખોટા ખોટજી;
એ તખતે જે નર બેસે, તેને શ્રેવો મોરાભાઈ. હરી૦ (૩૧૯)

## Day 26 (continued)

આશાજી મહેર કરો મોરા સામી, મનમાંહે મયા કરોજી,
જીવ વળગ્યા તે તમારા જાણો, દેજો તેને દીદાર. હરી૦ (૩૨૦)

આશાજી દીઓ દીદાર મહેરજ રાખો, દયા આણો હીયારીજી;
કલજુગ ખોટા તે સરવેઈ ખોટા, તેમાં હાથીણું દઇને ઉગારો.
હરી૦ (૩૨૧)

આશાજી મહેર કરો તમે મોરા સામી, નવછુગાની પાઘ વીચારોજી;
હાથીણું દઈ ને ઉગારો મોરા સામી, તારીએ તારણહાર. હરી. (૩૨૨)

આશાજી મહેર કરી તમે તારો મોરા સામી, તારીએ નર તુંહીજી;
સાહેર થઇ તમે મોતી નીપાયા, તેમ તમે રાખો મહેર. હરી. (૩૨૩)

આશાજી મોતી હીરા સબ તેરે હાથ, સીફ માંહે સમાણાજી;
સતકી મહેરે મોતી નીપાયા, જોત થઇ રહેમાન. હરી. (૩૨૪)

આશાજી જોત તમારી જબ સો હોવે, તબ સો હોવે હીરાજી;
માતાના થાન સો મોરેથી આવે, પછે આવે સો બાલ. હરી. (૩૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Day 27**

આશાજી પછે સો જીવ દુનીયામાંહે આવ્યા, સતપંથ મારગે ચાલેજી;
ધીગુંગીણું કહી જીવ હોશે, માત થઈ તમે તારો. હરી. (૩૨૬)

આશાજી માત તાત તો તમને જાણું, અવર ન જાણું કેઇજી;
અમારૂં મસ્તક તમારે હાથ, જ્યાં નાખો ત્યાં થાએ. હરી. (૩૨૭)

આશાજી મુસ્તક દીધા કીઉં સો ધાવે, કીઆ સોજાણે બાલજી;
નાનું બાલક તે શું સમજે, માત થઇને તમે તારો. હરી. (૩૨૮)

આશાજી બાર વરસ તો બાળક રહેશે, તે અલીજીને હાથેજી;
ત્યાં લગી માત તાત ખવરાવે, સોહી અલી તમહી તારો.
હરી૦ (૩૨૯)

આશાજી માત તાતને માહા બંધવ. અને ભરથાર પણ તુંહીંજી;
અમારા સામું નવ જુઓ, થાઓ સરવે જાણ. હરી૦ (૩૩૦)

આશાજી મોમન સરવે જીવ તમારા, બહુ છે ગુન્હેગારજી;
મહેરની નજર કરો મોરા સામી, પહોંચાડો દેવ દુઆર. હરી. (૩૩૧)

આશાજી પાંચથી ટલીઆ સાતમા આવ્યા, નવમાં હુઆ ઉતારજી;
નવથી ટલીઆ તે બારમાંહે ન આવ્યા, અણુતમાંહે હુઓ ઉતાર.
હરી૦ (૩૩૨)

**Day 27 (continued)**

આશાજી અણુતનું વર તે તમને જાણું, અમે તમારી નારજી;
આજના ભુલા કોઇ કામ ન આવે, જાવે ઘોર અંધાર. હરી. (૩૩૩)

આશાજી તમારા જીવ તે તમને ઓળખે, લજ્જા અમારી રાખોજી;
હાથે હથવાડો દીંઓ મોરા સામી, તો ઉતારો પહેલે પાર.
હરી० (૩૩૪)

આશાજી ઉતારાનો આરો તમારે હાથ, કેનું ન ચાલે લગારજી;
આગલા ખાતા ચીતમાંહે ન લાવો, કરો તમારી મહેર. હરી. (૩૩૫)

આશાજી વીનવું વીનવું બહુરૂપે વીનવું, કરૂં તે આપણી વતજી;
એમ કરતાં જે ચેતી નહી ચાલે, તે જાશે ઘોર અંધાર. હરી. (૩૩૬)

આશાજી અણુત ગીનાન વીચારી ચાલો, ને કરો મન હુશીયારીજી;
હુશીયાર થઈ તમે હરને આરાધો, નીંદા મ કરો લગાર. હરી. (૩૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Day 28

આશાજી નીંદ્દા કરતા નરગી થાશો, રહેશો શાહુથી દુરજી;
અમારી તમારી કેની નહીં ચાલે, ને નીંદાએ નરગ દુઆર.
હરી૦ (૩૩૮)

આશાજી પરનીંદાથી દૂરજ રહેજો, ચેતી ચાલો જીવજી;
ઇસ નારીથી બહુ જીવ ભુલા, તે ગયા ઘોર અંધાર. હરી. (૩૩૯)

આશાજી એ નારી સદા ધુતારી, જુગ કલપમાંહે જાણોજી;
ઇસ નારીકે વશ જે જીવ પડીઆ, તે ખોઇ ગયા કમાઇ;
હરી૦ (૩૪૦)

આશાજી સંસાર માયા કડવી જાણો, પરનારીથી દુરજ રહેણાજી;
ગાંગીઆ સરીખે તોબા કીધી, તે નહીં પોતા દેવ દુઆર. હરી૦ (૩૪૧)

આશાજી મોટા મોટા દેવ બહુ જીવ, પડી રહ્યા ચોથે આસમાનજી;
દીદાર કારણુ એમહી જોતા, જોતા માહામદની વાટ. હરી૦ (૩૪૨)

આશાજી એ નારી કારણુ હુરા ગમાવે, રહેવે એકલો તીયાંજી;
એ મેવા માલ સરવે જાશે, જાશે ઘોર અંધાર. હરી૦ (૩૪૩)

આશાજી દુનીયા કારણુ દીન ગમાવે, મુરખ ન ચેતે લોકાજી;
સરગ તણા તો મેવા ગમાવે, અને ગમાવે અમારો દીદાર.
હરી૦ (૩૪૪)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 28 (continued)

આશાજી રસ કસ સરવે મેલી દેજો, લેજો ગુરનું ગીનાનજી;
પોતાનો નર પરતક વીનવો, જ્યાંથી પામો દીદાર. હરી૦ (૩૪૫)

આશાજી પોતાના નર સાથે ચાલો, કરો ઘણું ધીયાનજી;
ખટ ઘડી જ્યારે પાછલી રહેવે, મોમન રાખો ધરમ આચાર.
હરી૦ (૩૪૬)

આશાજી ધરમજ રાખો ધીયાનસું જાગો, આવો ગુર ગત ગંગાજી;
છ દરસન તીરથ ન જાવો, આ તીરથ ગુરગત ગંગા. હરી. (૩૪૭)

આશાજી ગુરગત ગંગામાંહે અમેજ બેઠા, પરતક ગુરનર અવતારજી;
કમાવો જે તમારી રોજી, તે માંહેથી દસોંદ આલો. હરી. (૩૪૮)

આશાજી દસોંદ દસમી પાંતી આલો, દોશ મ રાખો ભારીજી;
દસે અવતારે દસમી પાંતી, એમહી દસોંદ લીખાણી. હરી. (૩૪૯)

આશાજી નર નકલંકી તંખતેજ બેઠા, તેને દસોંદ આલોજી;
દસોંદ દેવે તે સરગે જાવે, અવર તે સરવે થોથા. હરી૦ (૩૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 29

આશાજી કલપ જુગમાંહે દસોંદજ હોતી, અવંર નહી કુછ વીચારજી;
દસોંદ વીના જે જીવ રહેશે, તે ફેરા ફરે ચોધાર. હરી૦ (૩૫૧)

આશાજી મુળ જાણીને મુળને આરાધો. તો મુળ થકી તમે પામોજી;
કલપ જુગનાં તમે ગીનાન વિચારો, તે મોમન રીદેહમાં
ગીનાનજ આણો. હરી. (૩૫૨)

આશાજી દસોંદ ફળ દયાનું જાણો, દીલ વીચારીને ચાલોજી;
દસોંદ ખાઈ જે મોમન હોશે, તે હોશે કોરવાની જોડ. હરી. (૩૫૩)

આશાજી ધંધો કરવા દુનીયામાંહે આવ્યા, લેવા આપ દીદારજી;
નવ પાંતી તમે લઇને ચાલો, દસમી નરજીને આલો. હરી. (૩૫૪)

આશાજી સુનકાલમાંહે તપ ના કહીએ, તીયાં દસોંદ દેતાજી;
નુર નર તો તારે એકલા રહેતા, ત્યાંથી હુઇ દસોંદ. હરી૦ (૩૫૫)

આશાજી સુનકાળમાંહેથી રચના કીધી, તીસ દીન દસોંદ લીખાણીજી;
ગુર ગીનાન વેદ વીચારો, તો દસોંદ વીના નહી છુટો. હરી. (૩૫૬)

આશાજી દસોંદ દેવે ને સીદકે રહેવે એહી મોમન સાચાજી;
આડો મારગ તેઓને નાંહી, ને ભેટ્યા શાહના દીદાર. હરી. (૩૫૭)

**Day 29 (continued)**

આશાજી શાહના દીદાર તખતે બેઠશે, તીયાં દશોંદનું પુછેજી;
જણરાઈલ ત્યાં પુછવાને આવે, દસોંદ વીના સરવે જુઠા. હરી. (૩૫૮)

આશાજી કીરીઆ કીધી ને ધરમે ચાલ્યા, સતી હુઓ અપારજી;
સાત સરગમાં તે જીવ પોહોતો, પણ ઉંચો તે નહી જાય.
હરી૦ (૩૫૯)

આશાજી દસોંદ ન દીધી ને કીરીઆ કીધી. તે સતી હુઓ અપારજી;
દસોંદ કારણ ઉંચો નહી ચડીઓ, તેને આવી દીદારની ખોટ.
હરી૦ (૩૬૦)

આશાજી શુધ્ધ દસોંદ દીઓ મોરા ભાઇ, તો મુલે મુલ સમાણુંજી;
પછે ધરમ વીરાભાઇ તમે કરજો, તો દારેદાર સમાય. હરી. (૩૬૧)

આશાજી દસોંદ ન દેવે ગુરને ન માને, તે નર કીયાં થકી પામેજી;
દસોંદ વીના તે ઉખડી જાશે, તે જાશે ચોવીસ કરોડ માંહે.
હરી૦ (૩૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 30

આશાજી છત્રીસ કરોડ પુરા ધરમી, શ્રી એસ્લામશાહ ભેટયાજી;
દસોંદ કારણ જીવ ડોલાવ્યા, તે ચાલ્યા ચોવીસ ઘોર અંધાર.
હરી૦ (૩૬૩)

આશાજી દસોંદ દેવે સીદકે રહેવે. હેરાન ન હોશે સોઈજી;
મારગ છોડી સો કબી ન જાશે દસોંદ મુલ છે આપણું.
હરી૦ (૩૬૪)

આશાજી દસોંદ વીના દીન ન જાણો, ફલ સોહી ન ફલેજી;
મુળ સુકા તો ફલ સરવે સુકા, સુકા દારે દાર. હરી૦ (૩૬૫)

આશાજી સુકા ફલ સો નહી કુછ ભાવે, તેનું મોઢું ફીટફીટ થાયેજી;
ખારા પાણી સરોવર કહીએ, પીતાં તરસ ના જાયે. હરી. (૩૬૬)

આશાજી કુપાત્રે દાન ખારા જાણો, દસોંદ વીના નહી લેવેજી;
કલરમાંહે જેમ મેહજ વરસે, તેનું ધાન ન થાયે. હરી૦ (૩૬૭)

આશાજી આલ ઇમામ ને પીર મુસલે, દાયેમ દસોંદ દેવેજી;
તણ સો પીર મુસલે કહીએ, જે કરે ન મન મોટાઈ. હરી૦ (૩૬૮)

આશાજી પેલી આલ મુસલે કહીએ, જો દસોંદ નરકું દેવેજી;
અરજ બંદગીસું દસોંદજ દેવે, દેવે આપોહી આપ. હરી. (૩૬૯)

**Day 30 (continued)**

આશાજી અરજ બંદગી કીરીયા કરે, અને સીદકસું દસોંદ દેવેજી;
તણી સતપંથી મોમન કીલાવે, સોહી દીદારી આપ. હરી० (૩૭૦)

આશાજી પેલી દસોંદ પીરે આલી ત્યાંથી મુરીદે આલીજી;
અમારા વચન જે મુરીદ ન માને, તે જાશે ઘોર અંધાર.
હરી० (૩૭૧)

આશાજી દસોંદ પરમાણે સાચા ચાલો, કરો કીરીઆ કમાઇજી;
કીરીઆ કરો તો મીઠા લાગો, તો પામો અનંત મેવા. હરી. (૩૭૨)

આશાજી ચીતમાંહે ચેતીને મનને મારો, કરો અલ્લાહુકી આશજી;
દીનઃ અમારો દાએમ જાણો, બીજા સરવે ખોટા. હરી० (૩૭૩)

આશાજી જુગ કરતા માંહે એક કલા રચાયા, તીસમાંહે હમકું જાણોજી;
બીજા જુગમાંહે વીજેષ્ઠણુ કહીએ, સોબી હમ અવતાર. હરી. (૩૭૪)

આશાજી જુગ દુઆપુરમાંહે વીદરવીયાસ કહીએ, સોબી હમકું જાણોજી;
કલજુગમાંહે હમઇ જાણો, સોહી રસુલ નામ. હરી० (૩૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 31**

આશાજી દીન રચાવી રચના કીધી, કીઆ હુય દીન કીલતારજી;
રસુલથી જો ચાલજ ચાલી, તે અલી કેરા પરીવાર. હરી. (૩૭૬)

આશાજી અલી થકી બહુ ચેનજ ચાલ્યા, સો સતગુર નુરજ પાયાજી;
સાલેહદીન પુરા કહીએ, હુઆ દીન રહેમાન. હરી૦ (૩૭૭)

આશાજી શાહ શમસ કેરા દીન પીછાણ્યા, ચઉદસ તેને પાયાજી;
સુરજ મંગાવી જોત દેખાડી, નર સોહી અવતાર. હરી૦ (૩૭૮)

આશાજી કરણી કારણ ખાલ ઉતારી, પરતક પીર પરમાણીયાજી;
મુઆ જીવતા જે નર કરે, કરણી વીના નહી હોય. હરી૦ (૩૭૯)

આશાજી નસીરદીન નુરજ પાયા, હુઆ સો દીન રહેમાનજી;
હીંદુ કેરી પુજા કરવા, કેને ન પાયા ભેદ. હરી૦ (૩૮૦)

આશાજી ચલતર હીન્દુ અંદર મુસલમાન, કોઇ નવ તેને જાણેજી;
રોમરાએ કાયા નવ રાખે, રાતીયા કરે ઉજાગરા. હરી૦ (૩૮૧)

આશાજી નસીરદીન એવા બુઝરગ કહીએ, કંઈ હીંદુને તાર્યાજી;
તીસકી આલ સાહેબદીન હુઆ, કીઆ સો દીન રહેમાન. હરી.(૩૮૨)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 31 (continued)

આશાજી સાહેબદીન ગરીબ વેશે, ફકીરી પુરી રાખીજી;
સુફલ તેણે દશોંદજ દીધી, તો પાયા દીન રહેમાન. હરી० (૩૮૩)

આશાજી પીર સદરદીન બુઝરગ કહીએ, સો બાર કરોડીના ધણીજી;
કલજુગમાંહે જીવડા તાર્યા, સાચી દશોંદ આલી. હરી० (૩૮૪)

આશાજી પીર હસન કબીરદીન ગરીબ બંદા, હોતા સાહેબજીને શરણેજી;
અણુત કરોડીએ ગુરજી આવ્યા, કરવા જીવુંના કામ. હરી. (૩૮૫)

આશાજી આગ્ર સદરદીન પીર હસન કબીરદીન, કહે સોહી ગીનાનજી,
હમતમ સરવે દસોંદ દેવે, તો પોહોંચો શાહુને દુઆર. હરી. (૩૮૬)

આશાજી આગ્ર નબીની જુગમાંહે આવી, તીનકું પુરા શ્રેવોજી;
આગલ વેલા દોએલી આવે, તે માંહે ન રહેવે ચીંત. હરી. (૩૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

### Day 32

આશાજી આલ હમારી જુગમાંહે જાણો, અઢાર ફરજંદ પુરાજી;
તેઓને તમે અમારા જાણો, પણ શ્રેવો ન સતગુર જાણી. હરી (૩૮૮)

આશાજી કલા સરવે કલા માંહે બેઠા, દુનીયામાં કલા ન જાણે કોઇજી;
ખોટી કલીમાંહે ચેતી કરી ચાલો, રાખો પુરો ઈમાન. હરી. (૩૮૯)

આશાજી ઈમાન સલામત શાહાકું શ્રેવો, હરામ તમાકું વારોજી;
શેતાન શરાબથી દુરજ રહેજો, તો પોહોંચો દેવ દુઆર. હરી. (૩૯૦)

આશાજી કલજુગ કુડો સહુ પાખંડે રાચે, અન્ધલે જનમ ગમાયાજી;
નીચી પ્રીતે તે જીવ ચાલે, જે નહી વીચારે ગીનાન. હરી. (૩૯૧)

આશાજી ફરતાર વેલામાંહે અમર આવ્યા, તીનકું વીચારી ચાલોજી;
ઇમામ પાત્ર જે કોઇ આવે, તીનકું સહી કરી માનો. હરી. (૩૯૨)

આશાજી જીવ કારણ અવતાર લીધા, કલમાંહે અમે આવ્યાજી;
તપ કરી અમે નરને લાધા, માંગ્યા ધરમ દુઆર. હરી० (૩૯૩)

આશાજી નવ અવતાર નકલંકી લીધા, દસમે માનખા રૂપે અલી બેઠાજી;
એવી વેલા તમે સહી કરી જાણો, કરશે શાહ આપે ન્યાય.
હરી० (૩૯૪)

**Day 32 (Continued)**

આશાજી સીધા તે જીવ વાટ જુએ છે, હજી ન હુઈ અસ્વારીજી;
કલજુગના મોમન મોટા કહેવાશે, અગવા તે જીવ ચાલે.
હરી૦ (૩૯૫)

આશાજી કલપ જુગના જીવડા, બેઠા કરે છે આસીસજી;
ધન ધન કરણી રખીસર તણી, તે માંહે બેઠા નકલંકી નાથ.
હરી૦ (૩૯૬)

આશાજી કલપ જુગથી કલજુગ મોટા, જે માહે નબી મહમદ આયાજી;
જીવુંને ઘેર વધામણા હોશે, હોશે તે દીનની વાટ. હરી૦ (૩૯૭)

આશાજી નબી ચાલે નુરજ વરસે, રખીસરને સીર છાંયજી;
આગલ સહુ ફીરસ્તા ચાલે, હોશે તે હુશીયારી. હરી૦ (૩૯૮)

આશાજી નુર પ્યાલા નબીઉં દેશે, રખીસર ઉભા પીવેજી;
અમરત મેવા અનંત આવે, સરવે રખીસરને ઘર દેશે. હરી.(૩૯૯)

આશાજી અમરત મેવા રખીસર માણે, રખીસર ઘેર વધાયુંજી;
નુરાની ખુરાક તેને ઘેર આણે, તે દરશે આપે અસવારી હરી.(૪૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 33

આશાજી મન વાંછીતા મેવા ખાશે, અને માણે હુરા પચાસજી;
નબી ચલકર આંગણે આવે, ધન ધન રખીસર અવતાર. હરી. (૪૦૧)

આશાજી નબી આવે નુરજ વરસે, દીન હુઆ રહેમાનજી;
કરણી કમાવો તો એવા ઘર પામો, પામો સરગમાંહે વાસ.
હરી૦ (૪૦૨)

આશાજી વધાઇયું તણા એવા ફલ પામો, પામો ગુરને હાથેજી;
દરશન દેવા અમ ઘર આવે, મહેર હુઇ મહેરબાની. હરી. (૪૦૩)

આશાજી મચ્છ રૂપે દાણુવ માર્યા, તેનો અંત જાણોજી;
પઇયારમાંહે રમીજમી આવ્યા, દાનવ માર્યા ત્યાંય. હરી૦ (૪૦૪)

આશાજી સંખાસુર તો સાહેર પેઠો, તોએ ન મેલ્યો તુંહીજી;
મારી દાણુવ વેદજ વાર્યા, રખીસર ઘેર વધાઇયું. હરી૦ (૪૦૫)

આશાજી ભગત રૂખમુગત તાર્યા, એવા તારા કામજી;
ભગત તાર્યા આપ ઉગાર્યા, માર્યો તે સંખાસુર. હરી૦ (૪૦૬)

આશાજી ગુપત કામ ગુપતજ કીધા, તેની સુધ નવ જાણુંજી;
કીરતા જુગમાંહે તમે આવ્યા, મચ્છ રૂપે અવતાર. હરી૦ (૪૦૭)

**Day 33 (Continued)**

આશાજી કોરભ રૂપ તમેંજ ધર્યા. તેની નકલંકી સુધ તું જાણેજી;
કાચબો થઈને દરીયા તર્યા, કીઆ સો એસા કામ. હરી૦ (૪૦૮)

આશાજી મધુકીટક દાણવને માર્યો, એસો તું આપોહી આપજી;
મારી દાણવ દુઃખજ ટાળ્યા, રખીસર ઘેર વધાઈયું. હરી૦ (૪૦૯)

આશાજી અમરીખ ભગત તાર્યા, સભામાંહે રાખી લાજજી;
ભગતુંને વારે શામીજી આવ્યા, આવ્યા ત્રીભોવર નાથ. હરી. (૪૧૦)

આશાજી ભગત તાર્યા ને ઠામજ આવ્યા, આવ્યા તે ત્રીભોવર સામીજી;
કોરભ રૂપે એવા ચેનજ કીધા, કીઆ સો આપોહી આપ.
હરી૦ (૪૧૧)

આશાજી વારા રૂપે આપજ ભણીએ, રહેતા તે જંગલ માંહેજી;
ધ્રુવ ભગત ત્યાં ભકિત કરતા, જાણે વીરલા કોઈ. હરી૦ (૪૧૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 34

આશાજી મોર દાણવ સાહેબે સંગાર્યા, વારા રૂપે અવતારજી;
એવા ચેન તમેજ કીધા હો સામી, ધ્રુવ ભગત ઉધાર્યા. હરી. (૪૧૩)

આશાજી નરસી રૂપે તમેજ થયા, રહેતા કશમીર માંહેજી;
હરણાકંસ બહુ ક્રોધી ઉપનો, તેનો ક્રોધ ન જાય. હરી૦ (૪૧૪)

આશાજી ભકતં પએલાજ તીસ ઘેર અવતર્યા દીન હુઆ રહેમાનજી;
ક્રોધી દાણવ ક્રોધજ કીઆ, પએલાજ સીર દુઃખજ દીઆ.
હરી૦ (૪૧૫)

આશાજી નરસીં રૂપે દાણવ માર્યા, ભગત પએલાજ ઉગાર્યાજી;
કરતા જુગમાંહે ચાર અવતારજ કીધા, કીધા સો શ્રી નારાયણ.
હરી૦ (૪૧૬)

આશાજી અવતારે અવતારે નરજી આવ્યા, આવ્યા તે ભગતોને કાજેજી;
રખીસર ઘેર શ્રી કાયમ સામી, ક્રોડ પાંચેસું પએલાજ તાર્યા,
હરી૦ (૪૧૭)

આશાજી વાયમણ રૂપે થયા હો સામી સોહી તુંહી અવતારજી;
પરતક પાત્ર સોહી ભણીએ, શ્રી ઇસ્લામશાહ આપ. હરી. (૪૧૮)

આશાજી બલરાજાને પાતાળે ઘાલ્યો, એવા તેં કીધા કામજી;
ભગતોની વારે સામીજી આવ્યા, આવ્યા તે આપોહી આપ.
હરી૦ (૪૧૯)

## Day 34 (continued)

આશાજી કમલાધેન ભગત તાર્યા, કીધા તે ભગતોના કામજી;
બલ ચાંપીને ભગત તાર્યા, નાખ્યા ચોથે પાતાળ. હરી૦ (૪૨૦)

આશાજી ફરશીરામે ફડસી લીધી, આવ્યા રખીઆ ઘેરજી;
પૃથ્વી મારી ફેરવી નાખી, કીધા ભગતોના કામ. હરી૦ (૪૨૧)

આશાજી શેષા અરજણ પીંજરે ઘાલ્યો, દોરી દીધી હાથજી;
તેરો અંત સામી તુંહીજ જાણે, કીરતાર કરે સો હોઇ. હરી. (૪૨૨)

આશાજી કમલાપતી ભગત તાર્યા, કીધા ભગતોના કામજી,
અવતારે અવતારે સામીજી આવ્યા, રખીસરને મન ભાવ્યા.
હરી૦ (૪૨૩)

આશાજી રામ રૂપે સોહી નર આવ્યા, તે ઘર સીતા નારજી;
અયોધ્યા કેરો રાજ મેલી, ચાલ્યા વનવાસ. હરી૦ (૪૨૪)

આશાજી વનમાંહે રહીને રાવણ માર્યો દસ મસ્તકનો રાયજી;
લંકા કેરી પાજ બંધાવી, સાએર પત્થર તાર્યા. હરી૦ (૪૨૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 35

આશાજી હરીચંદ્ર ભગત આપે ઉધાર્યા, તારા રાણી તેની નારજી;
રોહીદાસ કુંવર સુતજ કહીએ, પોહોતા વઈકુંઠ વાસ. હરી. (૪૨૬)

આશાજી સાત કરોડ મુનીવર સીધા, સોંહી હરીચંદ્ર સાથેજી;
ગીનાન વીચારી જે જીવ ચાલ્યા, તે પોંહોતા દેવ દુઆર. હરી. (૪૨૭)

આશાજી કાન રૂપે કઈ જીવ તાર્યા, તેનો અંત ન પારજી;
હસતા રમતા પુતના મારી, માર્યો કંસાસુર રાય. હરી૦ (૪૨૮)

આશાજી મામો કંસાસુર ભાણેજે માર્યો, તેનો અત ન પાયાજી;
લોક દેખતા મામાને માર્યો, કીધું આપ રાજ. હરી૦ (૪૨૯)

આશાજી સહદેવ ભગત ભગતી કીધી, તેના કીધા કામજી;
ભગત ઉગારી દાણવ માર્યા, કીધા રખીસરના કામ. હરી૦ (૪૩૦)

આશાજી બુધ રૂપે પાંડવને તાર્યા, કીધા પાંડવોના કામજી;
જુજેષ્ઠણ ભગત ઉગાર્યા, કીધા ભગતોના કામ. હરી૦ (૪૩૧)

આશાજી દુરજોધન શાહ આપે સંગાર્યા, કોરવ સરવે માર્યાજી;
મારી દાણવ નીરવંશજ કીધા, કીધા આપોહી આપ. હરી૦ (૪૩૨)

## Day 35 (continued)

આશાજી કલમાંહે પાત્ર નીકલંકી આવ્યા, નર અવતાર ઈલાહીજી;
સોહી અવતાર અલી મલછમા બેઠા, જાણો શ્રી ઈસ્લામશાહ.
હરીં૦ (૪૩૩)

આંશાજી એણે અવતારે કાલીંગાને મારશે, દાણવને સોહી સંગારશેજી;
મારી દાણવ સામી ખેલ કરશે, રખીસર ઘેર વધાઈયું. હરી. (૪૩૪)

આશાજી કમલાકુવર ભગત તારે, ચીણુબ નગરી માંહેજી;
સાડી સાત ક્રોડ ત્યાં મોમન હોશે, નીત નીત કરે વધાઈયું.
હરીં૦ (૪૩૫)

આશાજી સુરજા રાણી બહુ સુખ પામે, શાહજીના છત્ર હેઠેજી;
ખેલ સંપુરણ સરવે જોશે, જોશે ગુરનરનો દીદાર. હરીં૦ (૪૩૬)

આશાજી દસમે અવતારે એવા થઈને ચાલો, છેલ્લી કાયા કીધીજી;
છેલ્લા જીવ સામી ઉગારી લીઓ, કરો અનંત વધાઈયું. હરી. (૪૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

# Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 36

આશાજી પીર પેગમ્બર ઓલીયા અંબીઆ, સરવે જીવ તમારાજી;
મહેર કરો તમે મોરા સામી, હાથીણું દઇને ઉગારો. હરી. (૪૩૮)

આશાજી હાથીણું દઇને હાથીણું દેજો, ઉતારો વસમો અવતારજી;
મહેરકી નજર કરો મોરા સામી, અમને પાર ઉતારો. હરી. (૪૩૯)

આશાજી નવસો નવાણું નદીયુ વહે છે, તારો દઈને ઉતારોજી;
હોડી બેડીનો પાર ન જાણું, હાથ દઈને ઉગારો. હરી૦ (૪૪૦)

આશાજી નવનાડ નવે પરતક બેઠા, કોસ નાડે પાર બંધાવોજી;
જ્યાં જોઉં ત્યાં સામી રાજો બેઠા, બેઠા તખત રચાઈ. હરી. (૪૪૧)
આશાજી નવે નાડે તમે ભ-પુર બેઠા, શેતાન દુર કરાવોજી;
ભલી બુરી સરવે તમારે હાથે, તમે સોહી પાર ઉતારો. હરી. (૪૪૨)

આશાજી ભલી કરાવો બુરી તજાવો, હરદોઇ હાથ તુમારેજી;
કીધા કરતપ માફ કરજો, તમે છો દેવ મોરાર. હરી૦ (૪૪૩)

આશાજી સોના રૂપા લાલ જવેર, હોશે ઉતમ કામજી;
ઉતમ કામ કરાવો મોરા સામી, તમે છો દેવ મોરાર. હરી.(૪૪૪)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 36 (continued)

આશાજી નર સોના ગુર રૂપા, હીરા રખીસર જાણોજી;
મોતી લાલ ગીનાન પીછાણો, તો જપો પીરશાહુનો જાંપ.
હરી૦ (૪૪૫)

આશાજી કાહેર થઇને જે નર ચાલે, તે રહેશે ઘોર અંધારેજી;
મારગ જાણો તો જોત પીછાણો, ધરો મન હુશીયારી. હરી. (૪૪૬)

આશાજી ખણમાં તારે ખણ નર નીપના, નરેઇ નુર વસાયાજી;
તે જીવ થકી નરજી નીપાયા, સો સામી જલપાણી. હરી. (૪૪૭)

આશાજી પીંઢ થકી જો કાયા આવી, કમાઇએ નરને પાયાજી;
કરો કમાઇ કરો હુશીયારી, કરો મન આનંદ. હરી. (૪૪૮)

આશાજી ચેતી સગો તો ચેતીને ચાલો, ધરો મન હુશીયારીજી;
કમાઇ તણા ફલ વીણીને લેશો, જાશો સરગ દુઆર. હરી. (૪૪૯)

આશાજી ચંદન થાઓ તો ચેતીને ચાલો, ઘાસો દેહી આપણીજી;
ઘસતે ઘસતે સોરભ લાગે, ઉતમ કમાઇ થાએ. હરી૦ (૪૫૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 37**

આશાજી રાતે સુઇ દીન ધંધે પડયા, દુનીયા સરવે સારીજી;
પડદે બેઠા શાહ સહુને જાણે, કરો મન હુશીયાર. હરી૦ (૪૫૧)

આશાજી ચાર પોહોર ચેતીને ચાલો, રાતીઆ કરો હુશીયારીજી;
માણુક મોતી જોઇને લેજો, કરો એડી વેપાર. હરી૦ (૪૫૨)

આશાજી માણુક મોતી ગીનાન વીચારો, ધરો શાહસું પ્યારજી;
હેત થકી તમે હેતજ રાખો, કરો મન મુરાદ. હરી૦ (૪૫૩)

આશાજી ચીતમાંહે ચેતીને આપજ રાખો, ગુરનર હય તેરી કાયા માંહેજી;
કાયા તેરી જો પીંઢ પકાવો, તો હોશે ગુરનરને સાથે. હરી. (૪૫૪)

આશાજી હીરા માણુક અપુરબ લાધા, પરખો પરમાણુડીરજી;
શરીર વેચી તમે હીરા વણજો, તો પોહોંચો ગુરનરને પાસ.
હરી૦ (૪૫૫)

આશાજી મારગ ચોખો મેલા કીજે, વાટ સુવાટે ચાલોજી;
સુરી નર કેરો જાપ કરશો, તો પોહોંચો ગુરનરને ઠામ. હરી. (૪૫૬)

આશાજી હમતમમાંહે નહી કુછ વીશ્વાસ, જો હોશે કીરીયા સારીજી;
દસોંદ દેતા જીવજ છુટે, પોહોંચે સરગ દુઆર. હરી૦ (૪૫૭)

## Day 37 (continued)

આશાજી દસોંદ દેવે નીતનીત લેવે, દાનપુન સોહીજી;
ભવસાગરના ફેરા છુટે, જો દેવે દસોંદ દાન. હરી૦ (૪૫૮)

આશાજી ફલ પાકે ફલજ લેશે, તે ગુર ભરમાજીકે હાથેજી;
એક ફલના સવાલાખ લેશો, લેશો શાહજીકે હાથે. હરી. (૪૫૯)

આશાજી ફલ લેવાને પુરા આવે, આવે તે શાહને હજુરજી;
જુગ દેખતા ફલજ આપશે, આપશે તે આપોહી આપ. હરી. (૪૬૦)

આશાજી ફલ દેતા ફલ સહુ કોઇ પામે, કમાઇ તણા ફલ લેશોજી;
ભમર પલંગ ઢોલીઆ લેશો, દેશો લેવણહાર. હરી૦ (૪૬૧)

આશાજી ખાન મલેક સરવે ઉભા, ઉભા કરે સલામજી;
નજરે દેખતા એવા ફલ લેશો, લેશો શાહને હાથ. હરી૦ (૪૬૨)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhā*do*. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

## Day 38

આશાજી સરગ ભમણમાંહે ગુર ને હુરૂં, રહેશે અંત રલીઆતજી;
નુરાની કાયા મોમનની હોશે, હોશે તેણે દીન. હરી૦ (૪૬૩)

આશાજી નીચ ઉંચ જીવડા સરવે, સામીજીના જીવ કહેવાયજીઃ
ઉતમ કરણી જે જીવ કરશે, ઉતમ તેઓને જાણ. હરી૦ (૪૬૪)

આશાજી ઉતમ કરણી નીચ હોશે, પાપ એહી તોલે તમે દેખેજી;
તોલતા તોલતા સુધ તમને પોચશે, નીચ પોતાને જાણ. હરી. (૪૬૫)

આશાજી તારારાણી નીચ ઘર આવી, પણ ઉત્તમ તેના કામજી;
સતીઆ સોહી મુનીવર કહીએ, જે જીવ સતજ રાખે. હરી (૪૬૬)

આશાજી રખીઆ ઘેર તો નારી રહેતી. સુખદુઃખ ગુરકું કહેતીજી;
એક દીન મારગ સાહેબે દેખાડયા, પણ ગુર વિના પંથ ન હોય.
હરી૦ (૪૬૭)

આશાજી ગત જુમલામાંહે હેતજ ઉપના, સાહેબે પેદા કીધીજી;
તીસ દીન રાણી દુઆ ફલ ખાતી, પોતી સરગ દુઆર. હરી. (૪૬૮)

આશાજી ગત જુમલે મીલી દુઆજ દીધી, સતગુર ભીરમા જાણીજી;
રાજા હરીચંદ હેતજ રાખ્યો, રાખ્યો નર પરસાદે. હરી૦ (૪૬૯)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 38 (continued)**

આશાજી સરગ કારણુ વીશ્વામીત્ર આવ્યા, આવ્યા અયોધાપુરી માંહેજી;
કસી કાયા કારી કીધી, કીધી ગુરનરને નામે. હરી૦ (૪૭૦)

આશાજી નાર થકી એ નર ઓધર્યા, હુઆ પુરા પુરખજી;
મારગ ચોખો એહીજ જાણો, જાણો ગુરનરને ઠામ. હરી૦ (૪૭૧)

આશાજી એવા જીવ થઈને ચાલ્યા, હુઆ દીનકે કામેજી;
જુગા જુગ તેઓના નામ લીખાણા, લીખાણા માંહે સંમાર.
હરી૦ (૪૭૨)

આશાજી તે રખીસરને ઘેર હુઇ વધાઇ, તેને ધરમે પાર ઉતાર્યાજી;
તેના ધરમ અમ થકી પાયા, પાયા સતપંથ સાર. હરી૦ (૪૭૩)

આશાજી રખીસર જેવા થઇને ચાલો, તો પોહોંચો સરગ દુઆરજી;
તે જેવી કરણી કરશો, તો પોંચશો સરગ દુઆર. હરી૦ (૪૭૪)

આશાજી અમે શાહજીકે હાટ વેચાણા, મેરા નહી કુછ ચાલેજી;
અમારા વચન જે જીવ માને, તે હોશે સરગ દુઆર. હરી. (૪૭૫)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Nooraliah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

**Recitation of Ana(n)t Akhā*do* over 40 days**

**Day 39**

આશાજી ગીનાન વીચારી તમે ચાલો. કરા ગુરજીસું હાલજી.
જોત જંગાડી જુમલો બેઠા, હોશે જેજેકાર. હરી० (૪૭૬)

આશાજી પાંચ મીલીને વીમરસ કીજે, કરજો હરસુ હેતજી;
ઘેર થકી તમેં ધરમસરા આવો, ધરમી ધરમ ચલાવો. હરી.(૪૭૭)

આશાજી પુનવંત કાયા પુન રચાવો, પુને પુન લીખાણુાજી;
વચન અમારા સાચા થાશે, ચાલશે જુગાજુગ વાત. હરી. (૪૭૮)

આશાજી પાંચે પદમને બાર કલાસુ, ઉગી નરજી બેઠાજી;
કાયમ ખેલ તે આપે રચાવેં, કરશે સોહી સાર. હરી० (૪૭૯)

આશાજી એંવા નર આજંજ બેઠા, તાસું પ્રીતજ રાખોજી;
પ્રીત રાખી તમે હેતસું ચાલો, તો પામો સરગ દુઆર. હરી. (૪૮૦)

આશાજી વરરાજા વર તખતેજ બેશે, વીશ્વ કુંવારી પરણેજી,
તે માંહે તમે મુનીવર મીલશો, મીલશો સેહેનજમાંહે. હરી. (૪૮૧)

આશાજી સહેન સઘલો ઘર આંગણુ બેસે, ચોરી આપ ચીત્રાવેજી;
એનસીઆ કુતા માતા દ્રોપદી આવે, આવે તે હરીચંદ્રની નાર.
હરી० (૪૮૨)

## Day 39 (continued)

આશાજી ભુંગળા તુરી સેર શરણાઈ, સેહેને સેહેન વજાવેજી;
તાલ તંબોડા બહુતેરા વાજે, વાજે ચોરી પાસ. હરી૦ (૪૮૩)

આશાજી મોતી કેરા તોરણ બંધાશે, હીરે પાર બંધાશેજી;
સોના રૂપાના થંભ ચાતરાશે, એવી સરવે રચના થાયે. હરી. (૪૮૪)

આશાજી ચોધાર એક પાર બંધાએ, સો બાંધશે હુરા હુરજી;
રાતો ઉજળો રંગ રાખશે, કરશે સામ સાર. હરી૦ (૪૮૫)

આશાજી નીલીપીલી સન્યા બાંધે, કુંગરા કેરી પારજી;
ચોકી ઉપર તેજજ સોહીએ, સોહીએ ત્યાંજ સાર. હરી૦ (૪૮૬)

આશાજી એસી જોત શાહ જગાવે, ચોરી ઉપર જાણોજી;
કલપ જુગના જીવડા મીલશે, હોશે જેજેકાર. હરી૦ (૪૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)

## Recitation of Ana(n)t Akhādo over 40 days

## Day 40

આશાજી એવા સેહેનમાંહેજ તો આવો, જો તમે સતે ચાલોજી;
મનગમતા તમે ફલજ લેશો, લેશો શાહુને હાથ. હરી૦ (૪૮૮)

આશાજી સીરછત્ર શાહ આપે રચાવે, ધરમીને હેઠ બેસાડેજી;
ધરમી જે કોઇ ધરમજ જાણે, પાપ ન કરે લગાર. હરી૦ (૪૮૯)

આશાજી કલજુગમાંહે પાપ અતી વરત્યા, તે માંહે ધરમ રાખોજી;
એક દેશો તેના બહુ ફલ લેશો, સહુથી ઉતમ કહેવાય. હરી.(૪૯૦)

આશાજી અંતકાળમાંહે તમે છો રાજા, હુમ હું તેરા દાસજી;
તે વેલામાંહે સંભાલીને લેજો, હાથીણું દઇને તારો. હરી૦ (૪૯૧)

આશાજી કંઇ જીવ ત્યાં ભુલી જાશે, તે માંહે કોણ સંભારેજી;
ચીત દઇને મહેરજ રાખો, હુમઇ તેરા દાસ. હરી૦ (૪૯૨)

આશાજી મહેર કરો મોરા સામી, દયા કરી ઉગારોજી;
વનમાંહે અમે એકલા રહેતે, તે વન સરવે તારો. હરી૦ (૪૯૩)

આશાજી તમ દીઠે વન મોરી ચાલે, ચાલે સરવે સાથેજી;
નજર કરતા સરવેઇ ચાલે, ચાલે સરગ પરીવાર. હરી૦ (૪૯૪)

## Day 40 (continued)

આશાજી હુમ બંદા હુમહી વીનવું, હુમ તેરી ફરીયાદજી;
કાચી પાકી સરવે તરો, તે તમે ઉગારો. હરી૦ (૪૯૫)

આશાજી રેતમાંહે હીરા બેઠા, તેનો મુલ ન જાણુંજી,
પારખું હાથે જઇને પચ્યા, તબ હુઆ હીરા લાલ. હરી૦ (૪૯૬)

આશાજી હુમ સો રેત તમસેઃ હીરા, ઉસમે પારખું કોણજી;
નજર તમારી મહેરકી હોવે, તો ભરમા સુણાવે જ્ઞાન. હરી૦ (૪૯૭)

આશાજી તમે પારખુ તમે હીરા, હુમ સો કુછ નાંહીજી;
સીસું સોધી રૂપું કરવું, કરો સો આપોહી આપ. હરી૦ (૪૯૮)

આશાજી તમેહી માતા તમેહી પીતા, તમેહી મોરા સામીજી;
સીરબંધ તમે બાંધો મોરા સામી, અણતકો ભાર ઉઠાયે.
હરી૦ (૪૯૯)

આશાજી અણતકો ભાર સરવેઇ પાયો, હક સાચ પીછાણોજી;
પીર હસન કબીરદીન ગુર એમહી બોલ્યા, બોલ્યા તે સાચોઇ સાચ.
હરી અનત અનંત હરી અનંતેજો સામી શાહ અનતેંજો અંત
તુંહી જાણેજી; (૫૦૦)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)